પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષઃ૨૪, અંકઃ૨૧૨, કુલ પાનાઃ૪, તારીખઃ ૦૩-૦૫-૨૦૨૧ સોમવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 212 PRICE :-RS. 1.50 DATE : 03-05-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# બંગાળમાં મમતાની બલ્લે બલ્લે, તમિલનાડુમાં DMKનો ડંકો, અસમમાં NDAની વાપસી

ન્યુ દિલ્હી,

૪ રાજ્યો અને ૧ કેન્દ્રશાસિત પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણીના પરિણામ ૨ મેના રોજ જાહેર થયા. ચૂંટણી પંચદ્વારા આસામ, તમિલનાડુ, પશ્ચિમ બંગાળ, કેરળ અને પુડુચેરીમાં સવારે ૮ વાગ્યાથી મતગણતરી શરૂ કરી દેવાઈ હતી. આ સાથે જ એ સ્પષ્ટ થઈ જશે કે રાજ્યમાં કઈ પાર્ટીની સરકાર બનશે. હાલ અલગ અલગ રાજ્યોમાં જે રીતે જોવા મળી રહ્યું છે તે મુજબ પશ્ચિમ બંગાળમાં ટીએમસીની જ્યારે અસમમાં ભાજપની વાપસી થતી જોવા મળી રહી છે. તમિલનાડુમાં સત્તાપરિવર્તન થતું જોવા મળી રહ્યું છે. કેરળમાં પણ સત્તાધારી પક્ષ સત્તા મેળવતો જણાય છે. જ્યારે પુડુચેરીમાં ભાજપ આગળ છે.

પશ્ચિમ બંગાળમાં ટીએમસી સત્તામાં પાછી ફરતી જોવા મળી રહી છે. ટ્રેન્ડમાં ટીએમસીને ૨૦૯ બેઠકો, ભાજપ+ ને ૮૦ જ્યારે કોંગ્રેસ+ ૨ બેઠક પર આગળ હતાં. જો કે રાજ્યના મુખ્યમંત્રી અને ટીએમસી સુપ્રીમો મમતા બેનર્જી જે બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે ત્યાં ભારે રસાકસી જોવા મળી રહી છે. પહેલા ભાજપના શુવેન્દુ અધિકારી ત્યાં આગળ હતાં જ્યારે બાદમાં ટીએમસીના મમતા બેનર્જીએ સરસાઈ મેળવી લીધી હતી. આ બેઠક પર જીત બંને પક્ષો માટે નાકનો સવાલ છે.

તામિલનાડુ વિધાનસભા ચૂંટણી પરિણામમાં શરૂઆતથી જ **DMK** આગળ જોવા મળી રહી છે. જ્યારે સત્તાધારી **AIADMK** પાછળ છે. **AIADMK+** ૮૦ બેઠકો પર જ્યારે **DMK+** ૧૫૩ બેઠકો પર આગળ છે. અન્ય ૧ બેઠક પર આગળ છે. ડીએમકે સમર્થકો ઉજવણીમાં મસ્ત બની ગયા છે.

અસમમાં ભાજપના નેતૃત્વવાળા એનડીએની વાપસી નિશ્ચિત જણાઈ રહી છે. જો કે કોંગ્રેસના નેતૃત્વવાળું ગઠબંધન પણ બહુ પાછળ નથી. ટ્રેન્ડ મુજબ ભાજપના નેતૃત્વવાળુ એનડીએ ૭૩ બેઠકો પર આગળ છે. જ્યારે કોંગ્રેસ+ ૫૦ બેઠકો પર આગળ છે. અન્ય ૩ બેઠક પર આગળ છે.

## પ.બંગાળઃ ત્રીજી વખત સીએમ બનશે મમતા, તમિલનાડુઃ AIADMK-BJPની સરકાર આઉટ, આસામઃ સોનોવાલ પર ફરી ભરોસા, કેરળઃ લેફ્ટ પાર્ટીઓનું એકમાત્ર સુરક્ષિત રાજ્ય, પુડુચેરીઃ પ્રથમ વખત BJP ગઠબંધન બનાવી શકે છે સરકાર

પુડુચેરીમાં પણ ભાજપ+ મજબૂત સ્થિતિમાં જોવા મળી રહ્યા છે. અહીં તેઓ ૯ બેઠક પર આગળ છે. જ્યારે કોંગ્રેસ+ ૩ બેઠકો પર આગળ છે. પુડુચેરીમાં કુલ ૩૦ બેઠકો છે.

કેરળમાં માર્ક્સવાદી કમ્યુનિસ્ટ પાર્ટી ના નેતૃત્વવાળું સત્તાધારી જુથ રાજ્યમાં ૧૪૦ બેઠકોમાંથી ૧૦૦ બેઠકો પર આગળ છે જ્યારે કોંગ્રેસના નેતૃત્વવાળું જુથ ૪૦ બેઠકો પર આગળ છે. ભાજપ+ ૦ બેઠકો પર આગળ છે.

૫ રાજ્યોમાં સવારે ૮ના ટકોરે મતગણતરી શરૂ થઈ ગઈ હતી. સૌથી પહેલા પોસ્ટલ બેલેટની ગણતરી કરવામાં આવી હતી.ત્યારબાદ ઈવીએમની મતગણતરી શરૂ કરાઈ હતી. રવિવારે થયેલી મતગણતરી માટે ચૂંટણે પંચે અગાઉથી જ તૈયારીઓ પૂર્ણ કરી લીધી હતી. કાઉન્ટિંગ દરમિયાન તમામને કોવિડ ૧૯ મહામારીથી બચવા માટે જાહેર કરવામાં આવેલી ગાઈડલાઈનનું પાલન કરવાની સલાહ આપી હીત. ચૂંટણી પંચે એક રૂમમાં મતગણતરી માટે ૭ ટેબલની પરવાનગી આપી હતી. જ્યારે તે પહેલાં આ સંખ્યા ૧૪ હતી.

અધિકારીઓએ જણાવ્યું કે 'મતગણતરી શરૂ કરતાં પહેલાં તમામ ઈવીએમ અને વીવીપેટને પણ સેનેટાઈઝ કરવામાં આવ્યા હતા. તો મતગણતરીમાં સામેલ થનાર લોકો માટે કેંદ્રની બહાર માસ્ક, ફેસ શીલ્ડ અને સેનિટાઈઝર રાખવામાં આવ્યા હતા. દરેક મતગણતરી કેંદ્રને ઓછામાં ઓછા ૧૫ વાર સેનેટૈઝ કરવાનું કામ કરવામાં આવ્યુ હતું. આ દરમિયાન સોશિયલ ડિસ્ટેંસિંગના નિયમોનું સખત પાલન કરવાની સાથે જ એકત્ર કરવા પર પ્રતિબંધ હતો. ઉમેદવાર અથવા તેમના પ્રતિનિધિને કોવિડ ૧૯ નેગેટિવ રિપોર્ટ અથવા રસીના બંને ડોઝ લીધા હોવાનું પ્રમાણપત્ર બતાવતા જ મતગણતરી કેંદ્રની અંદર અપ્રવેશ આપવામાં આવ્યો હતો.

પાંચેય રાજ્યોની કુલ ૮૨૨ વિધાનસભા બેઠકો પર થયેલા મતદાન બાદ આજે સવારે ૮ વાગ્યાથી મતગણતરી શરૂ હતી. આ દરમિયાન કોરોનાના તમામ નિયમોનું કડકાઈથી પાલન કરવાનું કહેવાયું હતું. પશ્ચિમ બંગાળમાં કુલ ૨૯૪ બેઠકોનો જનાદેશ આવશે. તામિલનાડુમાં ૨૩૪, કેરળની ૧૪૦ બેઠકો, અસમની ૧૨૬ અને પુડુચેરીની ૨૦ વિધાનસભા બેઠકો છે. ૫ રાજ્યોની ચૂંટણી ઉપરાંત ૧૩ અલગ અલગ રાજ્યોની ૧૩ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણી અને ૪ લોકસભા બેઠકોની પેટાચૂંટણીના પણ આજે જ પરિણામ આવનાર છે.

## મમતા બેનરજીની વ્હીલચેર PM મોદીની ૨૦ સભાઓ પર ભારે પડી



પશ્ચિમ બંગાળમાં મમતા બેનરજી સત્તા મેળવવાની હેટ્રિક તરફ જઈ રહ્યા છે.મમતા બેનરજીની પાર્ટી હાલમાં ૨૦૯ કરતા વધારે બેઠકો પર વિજય નિશ્ચિત દેખાઈ રહ્યો છે. બંગાળમાં મમતા બેનરજીની વ્હીલચેર પીએમ મોદીની ૨૦ રેલીઓ પર ભારે પડી ગઈ છે તેવુ પરિણામો દર્શાવી રહ્યા છે.મમતા બેનરજીને ચૂંટણી પ્રચાર દરમિયાન પગમાં થયેલી ઈજા બાદ હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા.એ પછી પગમાં પ્લાસ્ટર સાથે વ્હીલચેર પર બેસીને મમતાએ મોટાભાગનો ચૂંટણી પ્રચાર કર્યો હતો.એવુ લાગે છે કે, મમતા બેનરજીને લોકોની જબરદસ્ત સહાનૂભુતિ મળી છે. ડોકટરોએ તો તેમને પગમાં પ્લાસ્ટર હોવાથી આરામની સલાહ આપી હતી પણ મમતા બેનરજીએ રેલીઓ અને સભાઓ ગજવવાનુ ચાલુ રાખ્યુ હતુ.આ દરમિયાન તેઓ વ્હીલચેરમાં બેસીને જ લોકોને સંબોધન કરતા નજરે પડ્યા હતા.બંગાળમાં પણ ટીએમસીના ચૂંટણી પ્રચારમાં ઠેર ઠેર મમતા બેનરજીના વ્હીલચેર પર બેઠેલા પોસ્ટરો જ જોવા મળી રહ્યા હતા. ભાજપે તો મમતા બેનરજીના વ્હીલચેર પર સભા સંબોધવાને નાટક ગણાવ્યુ હતુ, કોંગ્રેસના અધીર રંજન ચૌધરીએ કહ્યુ હતુ કે, મમતાએ ટીએમસીની હાર સામે જોઈને આ પ્રકારનુ નાટક રચ્યુ છે.આ બધુ સહાનૂભૂતિ મેળવવા માટે છે. જોકે મમતા બેનરજી અડગ રહ્યા હતા અને એવુ લાગે છે કે, તેઓ લોકોની સહાનુભૂતિ મેળવવામાં સફળ રહ્યા છે.

## ગુજરાતના અનેક જીલ્લાઓમાં પડ્યો કમોસમી વરસાદ

અમદાવાદ,

શનિવારે ગુજરાતમાં અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદ પડ્યા પછી આજે પણ કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદ પડ્યો હતો. નવસારી જિલ્લામાં વહેલી સવારથી વાદળછાયા વાતાવરણ વચ્ચે કમોસમી વરસાદ પડ્યો હતો. ભર ઉનાળે નવસારી શહેરમાં કમોસમી માવઠું પડ્યું હતું. શહેરમાં આવેલા લુન્સીકુલ, જુનાથાણા દુધિયા તળાવ સહીતના વિસ્તારમાં કમોસમી વરસાદ પડ્યો હતો. કમોસમી વરસાદથી ખેડૂતોની ચિંતા વધી છે. વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધતાં કેરીના પાકને પણ અસર થવાની સંભાવના છે.



શનિવારે રાતે વડોદરામાં દિવસ દરમિયાનની ગરમી ને ઉકરાટ બાદ કમોસમી વરસાદ પડ્યો હતો. ધીમી ધારે છાંટા પડતા વતાવરણમાં ઠંડક પ્રસરી હતી. દિવસ દરમિયાન આકાશ વાદળછાયું રહ્યું હતું. નિઝામપુરા, સમાં, છાણી, ટીપી ૧૩, હરણી, ફતેહગંજ સહિતના વિસ્તારમાં વરસાદ પડ્યો હતો.

મહેસાણામાં ઊંઝાના વાતાવરણમાં પલટો આવ્યો હતો. એકાએક વાતાવરણમાં પલટો આવ્યો હતો. તેમજ પવન સાથે વરસાદની શરૂઆત થઈ હતી. વરસાદના આગમનથી ખેડુતોની ચિંતા વધી છે.

બોટાદ શહેરમાં ધીમીધારે વરસાદ પડ્યો હતો. શહેરમાં ગઈ કાલે સાંજના સમયે વાતાવરણમાં પલટો આવ્યો હતો. આ પછી ભારે પવન સાથે શહેરમાં વરસાદ શરૂ થયો હતો. અમરેલીમાં વાડિયાના હનુમાન ખીજડિયા ગામે કમોસમી વરસાદ પડ્યો હતો. કમોસમી વરસાદના પગલે રોડ રસ્તાઓ પાણી પાણી થઈ ગયા હતા. ખેતરોના નાળાઓમાં પાણી વહેતુ થયું હતું.

નર્મદા ના ડેડીયાપાડા તાલુકાના પૂર્વ પટ્ટીના ગામડામાં ધોધમાર વરસાદ પડ્યો હતો. કમોસમી વરસાદથી ખેડૂતોને નુકશાન થઈ શકે છે. વરસાદની સાથે કરા પણ પડ્યા ત્યારે લોકોએ ગરમીથી હાશકારો પણ અનુભવ્યો હતો. ડેડીયાપાડા તાલુકાના પીપલોદ, ડુમખલ,સાંકળી અને કોકમ સહિતના ગામોમાં કમોસમી વરસાદ પડ્યો હતો.

સુરેન્દ્રનગરમાં વઢવાણ તાલુકાના ખોલડિયાદ ગામે અચાનક કમોસમી વરસાદ પડ્યો હતો. અચાનક વાતાવરણમાં પલટો આવતા ફૂલ પવન સાથે વરસાદી ઝાપટાં પડ્યા હતા. અમરેલીમાં બગસરાના ગ્રામ્ય વિસ્તારોમાં કમોસમી વરસાદી ઝાપટા પડ્યા હતા. રફાળા, જૂની-નવી હળીયાદ સહીતમાં ગામોમાં વરસાદી ઝાપટુ પડતા રોડ રસ્તા પલાળ્યા હતા. અરવલ્લીમાં બાયડ તાલુકામાં કેટલાક વિસ્તારમાં કરા સાથે વરસાદ પડ્યો હતો. જત્રાલકંપા વિસ્તારમાં ભર ઉનાળે કમોસમી વરસાદ પડ્યો હતો.

છોટાઉદેપુર જિલ્લાના વાતાવરણમાં પલટો આવ્યો હતો. કવાંટ તાલુકામાં ઝરમર વરસાદ વરસ્યો હતો. છોટાઉદેપુરમાં ભારે પવન સાથે વાદળ ઘેરાયા હતા. બનાસકાંઠામાં ગુજરાતની સરહદને અડીને આવેલા રાજસ્થાનના આબુરોડમા વરસાદ પડ્યો હતો. ભારે પવન અને કરા સાથે વરસાદ થયો હતો. આબુરોડનું વાતાવરણ પલટાતા વરસાદ પડ્યો હતો.

પૂર્વ કચ્છ જિલ્લામાં કમોસમી વરસાદનો સિલસિલો યથાવત છે. રાપર તાલુકા અને ભચાઉ તાલુકામાં કમોસમી વરસાદ ખાબક્યો હતો. હવામાન ખાતાની આગાહી વચ્ચે ફરી આજે રાપર અને ભચાઉ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં વરસાદ પડ્યો હતો. ચોબારી , મનફરા , કણખોઈ , ખેંગારપર વિસ્તાર માં ભયંકર ગાજવીજ અને કરા સાથે ધોમાધર વરસાદ ખાબક્યો હતો. કામોસમી વરસાદથી ખેડૂત અને માલધારી વર્ગને નુકશાન જવાની ભીતિ સેવાઈ રહી છે.

## દેશમાં ૨૪ કલાકમાં કોરોનાના ૩.૯૨ લાખ નવા કેસ, ૩૬૦૦થી વધુના મોત

ન્યુ દિલ્હી,

ભારતમાં કોરોના વાયરસનો પ્રકોપ ફાટી નીકળ્યો છે તેનો અંદાજો લગાવવો હોય તો હાલના નવા આંકડાઓ જોઈ શકો છો. શનિવારે વિશ્વના ટોપ-૫૦ સંક્રમિત દેશોમાં મળીને ૩.૯૧ લાખ લોકોને સંક્રમણ લાગ્યું હતુ. જ્યારે એકલા ભારતમાં જ ૩ લાખ ૯૨ હજાર ૪૫૯ દર્દીઓ નોંધાયા હતા. તેનો અર્થ એ કે ભારતમાં કુલ ૫૦ દેશોના કેસ કરતાં એક હજાર વધુ દર્દીઓ મળી આવ્યા છે.



છેલ્લા ૨૪ કલાકમાં ૨ રાહતના સમાચાર પણ છે. પ્રથમ એ છે કે શનિવારે, શુક્રવારની તુલનામાં કેસની સંખ્યામાં ૯૫૫૫ ઘટાડો થયો છે. શુક્રવારે દેશના રેકોર્ડ ૪ લાખ ૨ હજાર ૧૪ લોકો પોઝિટિવ મળ્યા હતા. જે શનિવારે ઘટીને ૩ લાખ ૯૨ હજાર ૪૫૯ થઈ ગયા છે. એ જ રીતે, વિશ્વમાં છેલ્લા ૨૪ કલાકમાં ભારતમાં સૌથી વધુ મૃત્યુ થયા છે. અહીં ૩૬૮૪ દર્દીઓ મૃત્યુ પામ્યા હતા. બ્રાઝિલમાં મૃત્યુઆંક ૨૨૭૮ હતો. અમેરિકા ત્રીજા નંબરે હતું. શનિવારે અહીં ૬૬૧ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો હતો.

રિકવરીની દ્રષ્ટિએ શનિવારનો દિવસ સારો હતો. પ્રથમ વખત, એક જ દિવસમાં ૩ લાખથી વધુ લોકો સાજા થયા. આ દરમિયાન સાજા થનાર લોકોની સંખ્યા ૩ લાખ ૮ હજાર ૫૨૨ રહી હતી. અત્યાર સુધી દુનિયાના કોઈ દેશમાં એકસાથે આટલા દર્દી સાજા થયા નથી. આ પહેલા શુક્રવારે ૨.૯૯ લાખ લોકો સાજા થયા હતા.

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR) ના જણાવ્યાં મુજબ શનિવારે સમગ્ર દેશમાં ૧૮,૦૪,૯૫૪ કોરોના ટેસ્ટ કરાયા હતા. આ સાથે અત્યાર સુધી કરાયેલા કુલ કોરોના ટેસ્ટનો આંકડો ૨૯,૦૧,૪૨,૩૩૯ પર પહોંચ્યો છે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે ગઈ કાલે સવારે જાહેર કરેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં દેશભરમાંથી કોરોના વાયરસના નવા ૪,૦૧,૯૯૩ દર્દીઓ નોંધાયા હતા. જેને જોતા આજે દૈનિક કેસમાં સામાન્ય ઘટાડો જોવા મળ્યો છે.

ગુજરાતના આરોગ્ય વિભાગે શનિવારે જાહેર કરેલા આંકડા મુજબ દૈનિક કેસમાં સામાન્ય ઘટાડો નોંધાયો હતો. એક દિવસમાં કોરોનાના ૧૩૮૪૭ નવા કેસ નોંધાયા. જ્યારે ૧૦૫૮૨ લોકો રિકવર થયા. ૨૪ કલાકમાં કોરોનાએ ૧૭૨ લોકોનો ભોગ લીધો. રાજ્યમાં હાલ ૧,૪૨,૧૩૯ એક્ટિવ કેસ છે. જ્યારે કોરોનાથી કુલ ૭૩૫૫ લોકોએ જીવ ગુમાવ્યા છે. સૌથી વધુ નવા કેસ અમદાવાદમાં ૫૦૬૦ જ્યારે સુરતમાં ૨૧૮૮ નોંધાયા છે.


થોડા દિવસથી નવા કોરોના સંક્રમિતોની સંખ્યામાં ઘટાડા બાદ આજે ફરી મહારાષ્ટ્રના કોરોના ગ્રાફમાં ઉછાળો આવ્યો છે. ગત ૨૪ કલાકની વાત કરીએ તો રાજ્યમાં કોરોનાના ૬૩,૨૮૨ નવા કેસ સામે આવ્યા છે, જેની સાથે જ કોરોના સંક્રમિતોનો કુલ આંકડો હવે ૪૬,૬૫,૭૫૪ ને પાર પહોંચી ગયો છે.

એટલું જ નહી, ગત ૧ દિવસમાં અહી કોરોનાથી સંક્રમિત થતાં ૮૦૨ લોકોએ અંતિમ શ્વાસ લીધા છે. એટલે કે દર કલાકે ૩૩ લોકો પોતાનો જીવ ગુમાવી રહ્યા છે. શરૂઆતથી આંકડા પર નજરઈ તો અત્યાર સુધી ૬૯,૬૧૫ લોકોના કોરોનાથી મોત થયા છે. જોકે રાહતની વાત એ રહી કે શનિવારે ૬૧, ૩૨૬ દર્દીઓ કોરોન સામે જંગ જીત્યા બાદ હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા કહે છે કે મહારાષ્ટ્રમાં અત્યાર સુધી ૩૯,૩૦,૩૦૨ દર્દીઓ કોરોનાની સારવાર બાદ સાજા થયા છે.

## ઓડિશા સરકારે પણ ૧૪ દિવસના લોકડાઉનની જાહેરાત કરી, ૫ મેથી લાગુ થશે

ભૂવનેશ્વર,

ઓડિશામાં કોરોના વાયરસને કાબૂમાં લેવા માટે રાજ્ય સરકાર દ્વારા ૧૪ દિવસનું સંપૂર્ણ લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે. સરકારે જાહેરાત કરી છે કે આગામી ૫ મેથી રાજ્યમાં લકડાઉન લાગુ થશે. ઓડોશાની મુખ્ય સચિવ એસસી મહાપાત્રા દ્વારા જે આદેશ જાહેર કરવામાં આવ્યા છે તેમાં કહેવામાં આવ્યું થે કે વીકેન્ડને બાદ કરતા તમામ દિવોસમાં જીવન જરુરી સેવાઓ ઉપલબ્ધ રહેશે. આદેશમાં કહેવામાં આવ્યુંછે કે ૫ મે સવાલે પાંચ વાગ્યાથી ૧૯ મે સુધી આખા રાજ્યમાં લોકડાઉન લાગુ રહેશે. સત્તાવાર આદેશમાં કહેવામાં આવ્યું છે કે લોકોને સવારે ૬ વાગ્યાથી બપોરના ૧ ૨ વાગ્યા સુધી તેમના ઘરેથી ૫૦૦ મીટર સુધીના વિસ્તારમા જરુરી ચીજવસ્તુઓ ખરીદવા જવા માટેની અનુમતિ આપવાં આવશે. જ્યારે વીકેન્ડ એટલે કે શનિવાર અને રવિવારે લોકો માત્રે સ્વાસ્થ્ય સેવાઓ માટે જ ઘરેથી નિકળી



શકશે. સાથએ સ્પષ્ટતા કરવામાં આવી છે કે લોકડાઉન અને વીકેન્ડ લોકડાઉન ચૂંટણી સંબંધિત લોકો અને કાર્યક્રમો પર લાગુ નહીં થાય. ઉલ્લેખનીય છે કે કોરા વાયરસના વધી રહેલા ફેલાવાને ધ્યાને રાખીને કોવિડ-૧૯ ટાસ્ક ફોર્સના સભ્યોએ કેન્દ્ર સરકારને રાષ્ટ્રવ્યાપી લોકડાઉન લગાવવાની અપીલ કરી છે. દેશમાં વર્તમાન સમયે કોરોના વાયરસનો ફેલાવો રોકેટ ગતિએ આગળ વધી રહ્યો છે. કોરોના વાયરસની બીજી લહેર પહેલા કરતા વધારે ઘાતક પણ છે. આટલું ઓછું હોય તેમ કોરોના વાયરસ ઝડપથી પોતાના સ્વરુપ બદલી રહ્યો છે. જેના કારણે તેના પર નિયંત્રણ મેળવું મુશ્કેલ છે.

### કોરોના ટાસ્ક ફોર્સે કહ્યું....

## કોરોનાનું તાંડવ રોકવા રાષ્ટ્રવ્યાપી લોકડાઉન જરૂરી

ન્યુ દિલ્હી,

કોરોના વાયરસ સંક્રમણની બીજી લહેરે આખા દેશમાં કોહરામ મચાવી દીધો છે. દરરોજ કોરોનાના નવા કેસો રેકોર્ડ તોડી રહ્યા છે. શુક્રવારની વાત કરીએ તો કોરોનાના નવા કેસોનો આંકડો ૪ લાખના આંકડાને પણ પાર કરી ગયો છે. કોરોનાના વધતા કેસોને જોતા કોવિડ-૧૯ ટાસ્ક ફોર્સના સભ્યોએ કેન્દ્ર સરકારથી રાષ્ટ્રીય લોકડાઉન લગાવવાની અપીલ કરી છે. દેશમાં અત્યારે કોરોના સંક્રમણમાં ભારે ઉછાળો જોવા મળી રહ્યો છે.

કોરોનાની બીજી લહેર પહેલા કરતા વધારે ખતરનાક છે. કોવિડ-૧૯ ટાસ્ક ફોર્સ પ્રમાણે કોરોના ઝડપથી પોતાનું રૂપ બદલી રહ્યો છે, જેના કારણે કોરોના પર કાબૂ મેળવવો મુશ્કેલ થઈ ગયો છે. ટાસ્ક ફોર્સે ભારપૂર્વક કહ્યું છે કે જો આ જ રીતે કોરોનાના કેસો વધતા રહ્યા તો દેશમાં સ્વાસ્થ્ય માળખુ સંપૂર્ણ રીતે તૂટી જશે. ઉલ્લેખનીય છે કે

(અનુ.પાના.નં.૨)

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ધી ધાનપુર મો.ક. ખે.વિ.વિ. મં.લી.

મુ. ખલતા ગરબડી, તા. ધાનપુર

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

આગસવાણી લેમ્પસ મંડળી પાવ

મુ. પાવ, તા. ધાનપુર

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ધી કંજેટા લેમ્પસ મંડળી પાનમ શાખા

મુ. પાનમ, તા. ધાનપુર

# મહિસાગર આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર


## મહીસાગર રવિવારે ૧૧૦ પોઝિટિવ કેસ : જિલ્લામાં કોરોનાના કુલ ૪૬૩૧ પોઝીટીવ કેસ નોંધાયા




લુણાવાડા,

કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માદ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેક્ટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાની ૦૮ સ્ત્રી, ૧૨ પુરૂષ, કડાણા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૮ પુરૂષ, ખાનપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૧૧ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૧૪ સ્ત્રી, ૧૪ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૮ સ્ત્રી, ૧૩ પુરૂષ અને વિરપુર તાલુકાની ૦૪ સ્ત્રી, ૧૩ પુરૂષના કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૦૨-૦૫-૨૦૨૧ ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૪૬૩૧ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઇ રહેલા દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાની ૦૮ સ્ત્રી અને ૧૩ પુરૂષ, કડાણા તાલુકાની ૦૬ સ્ત્રી, ૦૭ પુરૂષ, ખાનપુર તાલુકાની ૦૨ સ્ત્રી અને ૦૭ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૮ સ્ત્રી, ૧૪ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૮ સ્ત્રી, ૧૦ પુરૂષ અને વિરપુર તાલુકાની ૦૧ સ્ત્રીપ અને ૦૩ પુરૂષ દર્દીઓએ કોરોનાને મ્હાત આપતાં તેમને રજા આપવામાં આવી છે. આમ, જિલ્લાંમાં અત્યાર સુધીમાં કુલ ૩૩૭૫ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૧૯ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જ્યારે અન્ય કારણથી ૪૦ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૫૯ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફલુ/ કોરોનાના કુલ ૨૦૪૫૨૩ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૫૭૮ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે. મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૩૨ દર્દી ડીસ્ટ્રીક્ટિ હોસ્પિટલ-લુણાવાડા, ૮૧૨ દર્દી હોમ આઇસોલેશન, ૬૨ દર્દી એસ.ડી.એચ.સંતરામપુર, ૫૯ દર્દી અન્ય જિલ્લા ખાતે અને ૨૩૨ દર્દી પ્રાઇવેટ હોસ્પિટલ મહીસાગર ખાતે સારવાર હેઠળ છે.

કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૧૦૩૬ દર્દીઓ સ્ટેબલ અને ૧૫૨ દર્દીઓ ઓક્સિજન પર અને ૦૯ વેન્ટીલેટર પર છે.

**મહીસાગરમાં કોરોનાના કેસની સંખ્યા**

- બાલાસીનોર-૨૦
- કડાણા-૯
- ખાનપુર-૧૨
- લુણાવાડા-૨૮
- સંતરામપુર-૨૧
- વિરપુર-૧૭

## લુણાવાડા APMC માર્કેટ ખુલુ રાખતાં નગરના વેપારીઓમાં રોષ : તંત્રની બેધારી નીતિથી આશ્ચર્ય


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા,

લુણાવાડા નું એપીએમસી માર્કેટ ખુલું રહે લુણાવાડા નગરમાં અન્ય વેપારીઓમાં રોષ જોવા મ મળી રહ્યો છે. પ્રાપ્ત વિગત અનુસાર લુણાવાડાનું એપીએમસી માર્કેટ અનાજનો માર્કેટ ખુલું રહેતા નગરમાં અન્ય અનાજના વેપારીઓ રોષ વ્યાપ્યો છે. ત્યારે એક બાજુ લુણાવાડા એપીએમસી માર્કેટમાં માસ્કો તેમજ નાના ભૂલકા દ્વારા મજૂરી કામ કરાવતા હોવાની તસવીર તસવીર નજરે પડે છે. ત્યારે લુણાવાડા નગરમાં પાંચ દિવસનું વેપારી મંડળ દ્વારા સ્વેચ્છિક લોકડાઉન છે. ત્યારે સર્વ સંમતિ દ્વારા તમામ બજારો બંધ રખાતા હોય ત્યારે બીજી બાજુ એપીએમસી દ્વારા અનાજ માર્કેટ ખુલ્લું રખાતા વેપારીઓમાં કુતુહલતા જોવા મળી રહ્યો છે. એક બાજુ સંક્રમણ વધે નહીં તે માટે નગરના વેપારીઓ તંત્રને મદદ સ્વેચ્છિક લોકડાઉન છે અને એપીએમસી માર્કેટ ખુલ્લું રહે તા અન્ય નગરના અનાજના વેપારીઓ વેપારીઓમાં રોજ જોવા મળી રહ્યો છે.

શિવમ ઈમેર્જિંગ સેન્ટર દ્વારા સરકારે નક્કી કરેલ ભાવ લેવાતો નથી તેમજ પાકું બીલ પણ માડતું નથી તેવી લોકોની બૂમો ઉઠી છે.

મહીસાગર જીલ્લામાં દિન-પ્રતિદિન કેસોમાં ઉત્તરોતર વધારો નોધાઈ રહ્યો છે. ત્યારે લુણાવાડામાં નવજીવન હોસ્પિટલ નીચે આવેલા શિવમ ઈમેર્જિંગ સેન્ટરમાં ગામે-ગામથી લોકો શિવમ ઈમેર્જિંગ સેન્ટરમાં કોરોનાના પ્રાથમિક લક્ષણો દેખતા પોતાના ઘર-પરિવારના તમામ સભ્યોના સિટી.સ્કેન, એક્સરે માટે લાઈનો ઉભરાય છે. ત્યારે ત્યાં કોઈપણ પ્રકારનું સોસિયલ ડિસ્ટન્સનું પાલન થતું નથી. તેમજ લોકો પોતાનો રિપોર્ટ પોજેટીવ છે કે નેગેટિવ જાણવા આવે છે પરંતુ તેમને ક્યાં ખબર છે કે ત્યાં કયો વ્યક્તિ પોજેટીવ છે જેના લીધે આખે આખું ઘર કોરોના ના ભરડામાં આવી જાય છે. તેમજ સરકાર એ નક્કી કરેલ સિટી.સ્કેનના ભાવ લેવાતા નથી તેવી નગરમાં બૂમો ઉઠી છે. તેમજ મેડિકલેમ પાસ કરવવાના કિસ્સામાં તેમજ અન્ય સંજોગોમાં પણ પાકું બીલપણ આપવામાં આવતું નથી. ત્યારે સવાલ એ છે કે કોરોના જેવી વૈશ્વિક મહામારીમાં પણ આવા સેન્ટરો દ્વારા ગરીબ અને ભોળી જનતા પાસેથી ભેગું કરવાની દોડ મૂકી છે. જેના લીધે સામાન્ય જનતાને ખૂબ મોટી મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો છે. ત્યારે આ બાબતે જિલ્લા વહીવટીતંત્ર યોગ્ય પગલાં લઈ કાયદાનું પાલન કરાવે તેવી જનતાની ઉગ્ર માંગણી છે.



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

**સંતરામપુરમાં રાષ્ટ્રીય સેવક સંઘ દ્વારા ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું . સંતરામપુર નગરમાં મોટા બજાર વિસ્તારમાં કોરો સતત સંક્રમણ વધવાના કારણે સંતરામપુર નગરમાં આજે આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું.**

## સીવીલ હોસ્પીટલ લુણાવાડા ખાતે વેનટીલેટરો ઈન્સ્ટોલ કરી દેવામાં આવ્યા



લુણાવાડા,

તેમ છતા રાજ્ય સરકાર ને આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગે દવારા તે ઓપરેટ કરવા માટે જરૂરી તજજ્ઞ તબીબોને તાલીમી નર્સીંગ સ્ટાફની નિમણુંક નહીં કરતા આ સીવીલ હોસ્પીટલ લુણાવાડા ખાતે આવેલ વેનટીલેટરો બિનઉપયોગી હાલતમાં પડી રહેલ છે.

મહિસાગર જીલ્લા ને ગત વર્ષે થયેલ કોરોનાની મહામારીમાં રાજ્ય સરકાર ને આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગે દવારા સીવીલ હોસ્પીટલ લુણાવાડા ખાતે વેનટીલેટરો ફાળવાયેલ હતાં. જે આ સાધનો ઈન્સ્ટોલ કરી દેવામાં આવેલ છે. પરંતુ આ વેનટીલેટરો મહિસાગર જીલ્લાની પ્રજાજનો ને માટે લોકોપયોગી બનેલ છે કે કેમ?તે જોવાની તસદી જ કોઈ એ લીધી જ જોવાતી નથી.

રાજ્ય સરકાર ને આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગે દવારા મોટા ઉપાડે મોટી મોટી જાહેરાતો કરાય છે. પરંતુ વાસ્તવમાં તેનો અમલ થયો છે કે કેમ ? પ્રજા કે દર્દીઓ ને તેનો લાભ મળે છે કે કેમ?.જે સાધનો ફાળવાયેલ છે તે લોકોપયોગી બન્યા છેકેકેમ?તે સંદર્ભમાં કોઈજ મોનિટરીંગ થતું જોવા મળતુ નથી.

લુણાવાડા સીવીલ હોસ્પીટલમાં વેનટીલેટરો ફાળવી આપીને માત્રને માત્ર રાજ્ય સરકાર ને આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગે કામગીરી કર્યાનો જ સંતોષ માનેલ જોવા મળે છે. આ આપેલ વેનટીલેટરો દર્દીઓ માટે લોકોપયોગી બનેલ છે કે કેમ તેની ચકાસણી કરેલ નથી. એટલું જ નહીં પરંતુ આ વેનટીલેટરો મહિસાગર જીલ્લાની સીવીલ હોસ્પીટલમાં ફાળવી તો આપ્યા પરંતુ આ વેનટીલેટરોનો લાભ કોરોનાના દર્દીઓ મળી રહે તે માટે તે અંગે નો જરૂરી તજજ્ઞ તબીબોને તાલીમી નર્સીંગ સ્ટાફની નિમણુંક આજદિન સુધી નહીં કરતાં સરકારને આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગે ની ગંભીર બેદરકારી આ મામલે જોવાં મળે છે. ત્યારે આ વેનટીલેટરો દર્દીઓ માટે લોકોપયોગી બને તે માટે લુણાવાડા સીવીલ હોસ્પીટલમાં વેનટીલેટરો કામ કરતાં થાય તે માટે જરૂરી તજજ્ઞ એવા એમ.ડી. ફીઝીશીયન અને એનેસ્થેસીયાને પ્રોલમોનોજીસટને તાલીમી નર્સીંગ સ્ટાફની નિમણુંક વહેલી તકે રાજ્ય સરકાર દ્વારા ને આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગે દવારા કરાય તેવી માંગ ઉઠી છે. મહિસાગર જિલ્લામાં હાલ વકરેલી કોરોનાની સ્ફોટક સ્થિતિ ને દયાન માં લઈને જે કોરોનાના પોઝિટિવ દર્દીઓ ની ગંભીર સ્થિતિમાં સીવીલ હોસ્પીટલ લુણાવાડા ખાતે આવેલ વેનટીલેટરો બિનઉપયોગી હાલતમાં પડી રહેલ હોઈ અને તેનો લાભ તજજ્ઞ તબીબોની ને તાલીમી નર્સીંગ સ્ટાફની નિમણુંક આજદિન સુધી નહીં કરતાં દર્દીઓ ને આ સાધનોનો લાભ મલી શકેલ નથી. ને કોરોનાના ગંભીર દર્દીઓ ને તાત્કાલીક વેન્ટીલેટર ની જરૂરીયાત હોય તેવા દર્દીઓ ને વધુ સારવાર માટે અમદાવાદ સીવીલ હોસ્પીટલમાં કે વડોદરામાં રીફર કરાય છે. જેથી દર્દીઓ ને તેમના સગાં ઓને પણ મુશ્કેલીમાં મુકાવું પડે છે. તેમ જણાવી સંતરામપુર ના કાર્યકર આઈ.વી.પરીખે જીલ્લા મથકની આ સરકારી સિવીલ હોસ્પીટલ ખાતે આવેલ વેનટીલેટરો ને ઉપયોગી બનાવવા જરૂરી હોય તે માટેનો જરૂરી તજજ્ઞ તબીબોને તાલીમી નર્સીંગ સ્ટાફની નિમણુંક વહેલી તકે રાજ્ય સરકાર દ્વારાને આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગે દવારા કરાય તે અંગેની રજુઆત કરેલ છે.

## લુણાવાડાના વિરણીયા ગામથી કત્તલ માટે લઈ જવાતા બે પશુઓ સાથે બે ઈસમો ઝડપ્યા



લુણાવાડા,

લુણાવાડા તાલુકાના વિરણીયા ગામ પાસેથી બે પશુઓને ટુંકા દોરડા થી બાંધીને ઘાસ ચારો કે પાણી વગર લઈ જઈ રહ્યા હતા. પોલીસના પેટ્રોલીંગ દરમ્યાન બે ઈસમોને બે પશુઓ સાથે ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે લુણાવાડા તાલુકાના વિરણીયા ગામ પાસેથી અમીનખા અમીરખા અંસારી, કાળુભાઈ મકાભાઈ પરમાર બે બળદો કિંમત ૨૦,૦૦૦ રૂપીયાને કત્તલના ઈરાદે શહેરા તરફ ચાલતા ઘાસચારો કે પાણી વગર લઈ જઈ રહ્યા હતા. લુણાવાડા પોલસીના પેટ્રોલીંગ દરમ્યાન પોલીસે આધારપુરાવા વગર કત્તલમાં લઈ જવાતા બે પશુઓ સાથે બે ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા હતા. જ્યારે અરવિંદ રામજીભાઈ પટેલ નાશી છુટીયો હતો. લુણાવાડા પોલીસે પશુ અત્યારચાર હેઠળ ગુના હેઠળ ફરિયાદ નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## લુણાવાડા નાના વાડોદરના શિક્ષકનું કોરોનામાં મોત

લુણાવાડા,

લુણાવાડા તાલુકાના નાના વડોદરના વતની અને કાળીબેલ ગામની શ્રી શારદા વિદ્યાલયમાં માદયમિક વિભાગમાં વર્ષોથી ફરજ બજાવતા શિક્ષકનુ કોરોનામાં મૃત્યુ થયુ છે. લુણાવાડા તાલુકાના નાના વાડોદર ગામના ધનંજય એચ.પ્રણામી નજીકમાં આવેલી કાળીબેલ ગામની શ્રી શારદા વિદ્યાલયમાં વર્ષોથી હિન્દી વિષય ભણાવતા હતા તેઓની તબિયત લથડતા ટેસ્ટ કરાવતા કોરોના પોઝીટીવ આવતા તેઓને વડોદરા ખાતે દાખલ કરાયા હતા પરંતુ તેઓની તબિયતમાં સુધારો નહિ આવતા ટુંકી સારવાર બાદ અવસાન થતાં શિક્ષક આલમમાં દુ:ખની લાગણી છવાઈ છે.

## સંતરામપુરમાં આજે ૨૫૦ વ્યક્તિઓએ કોરોનાની રસી મુકાવી


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

સંતરામપુર નગરમાં ઘણા સમયથી કોરોનાની સંખ્યાનું પ્રમાણ સતત વધારો થઈ રહ્યો છે. સરકારી તંત્ર દ્વારા ૧૮ વર્ષથી માંડીને દરેક વ્યક્તિને રસી મુકાવાની છૂટ આપેલી છે. જયારે આજે સંતરામપુર સ્ટેટ હોસ્પિટલમાં આરોગ્ય તંત્ર દ્વારા આજે સંખ્યાબંધ નાગરિકો અને યુવાનો રસી મુકવા માટે ભારે ઉત્સાહ જોવાયેલો હતું. સરકારી તંત્ર દ્વારા દરેક નાગરિક ફરજીયાત રસી મુકાવી અને આવા સંક્રમણથી બચવા માટે રસી અવશ્ય મૂકા વી જોઈએ. સરકારી તંત્ર પણ સતત પ્રયાસો ચાલી રહ્યા હતા. આજે સ્ટેટ હોસ્પિટલમાં આરોગ્ય વિભાગ દ્વારા રસી મૂકવાનું કામગીરી હાથ ધરવામાં આવેલી હતી. તાલુકા બ્લોક કચેરીના અધિકારી નરેન્દ્ર ગોસાઈ અને અધિક્ષક વણકર તમામના સતત પ્રયાસો અને દરેક વ્યક્તિને રસી મુકવા માટે ના જાગૃત કરવામાં આવેલા હતા. આજે સૌથી વધારે યુવાનો પણ ૨૫૦ નાગરિકોએ આજે રસી મુકાવી હતી.

## ૧૮ થી ૪૪ ની વયના નાગરિકોના રસીકરણમાં પ્રથમ સ્થાને ગુજરાત, ૬૦ હજાર સામે ૫૫૨૩૫ ડોઝ અપાયા

અમદાવાદ,

દેશમાં ૯ જિલ્લામાં ૧૮ થી ૪૪ વય જૂથના નાગરિકોના માટે કોરોના રસીકરણનો પ્રારંભ થયો. ત્યારે ફરી એકવાર વેક્સીનેશનમાં ગુજરાત અવ્વલ રહ્યું છે. આજે દેશમાં વેક્સીનેશનના આ તબક્કામાં ૮૦ હજાર ડોઝ અપાયા જેમાં એકલા ગુજરાતમાં જ ૫૫ હજારથી વધુ ડોઝ અપાયા છે.સરકાર તરફથી મળતી વિગત મુજબ કોરોના સંક્રમણ સામે રક્ષણના અમોઘ શસ્ત્ર એવા કોરોના રસીકરણ અભિયાનમાં ભારત સરકારની માર્ગદર્શિકા મુજબ આજે ૧લી મે થી ગુજરાત સહિત દેશના ૯ રાજ્યોમાં ૧૮-૪૪ વર્ષની વય જુથના વ્યક્તિઓની કોવિડ-૧૯ રસીકરણની કામગીરી શરૂ થઈ છે. ગુજરાતના અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર, જામનગર અને ગાંધીનગર મહાનગરો તથા ૩ જિલ્લા મહેસાણા, કચ્છ અને ભરૂચ કે જ્યાં કોવિડ-૧૯ના એક્ટીવ કેસોની સંખ્યા વધુ છે ત્યાં ૧૮ થી ૪૪ ની વયના નાગરિકો માટે રસીકરણની કામગીરી શરૂ કરાઈ છે. રાજ્યના ૧૮ થી ૪૪ વર્ષના વય જુથના યુવાઓનો રસીકરણ માટે ઉત્સાહ જનક બહોળો પ્રતિસાદ મળતા આ ૧૦ જિલ્લા, કોર્પોરેશનમાં કુલ ૬૦,૦૦૦ ડોઝ પ્રથમ દિવસે આપવાના આરોગ્ય વિભાગના આયોજન સામે કુલ ૫૫,૨૩૫ વ્યક્તિઓને કોવિડ-૧૯ની રસીનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો છે. આજે ગુજરાત સહિત દેશના જે ૯ રાજ્યો મહારાષ્ટ્ર, ઓરીસ્સા, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, છત્તીસગઢ, કર્ણાટક, દિલ્લી, જમ્મુ અને કાશ્મીર, પંજાબ, તમીલનાડુમાં રસીકરણ શરુ થયું છે. દેશના આ રાજ્યો માં ૮૦ હજાર જેટલા ડોઝ આપવામાં આવ્યા છે અને ગુજરાત તેમાં ૯૨ ટકા કામગીરી એટલે કે ૬૦ હજાર સામે ૫૫૨૩૫ ડોઝ આપીને ગુજરાત સમગ્ર દેશમાં આ ૧૮ થી ૪૪ ની વયના નાગરિકોના રસીકરણમાં પ્રથમ સ્થાને રહ્યું છે. મુખ્યમંત્રી વિજય ભાઈ રૂપાણીના સઘન પ્રયત્નોના પરિણામે ગુજરાતને સીરમ ઈન્સ્ટીટ્યુટ, પુના તરફથી ૩૦મી એપ્રિલના રોજ કોવિશિલ્ડ રસીનો ૩ લાખ ડોઝનો જથ્થો પણ પ્રાપ્ત થઈ ગયો છે. ૧૮થી ૪૪ની વય જૂથના નાગરિકો માટે રસીકરણ રજીસ્ટ્રેશનની ઓન લાઈન પ્રક્રિયા ૨૮ એપ્રિલથી શરુ થતાં જ રાજ્યના આ વયના લોકોએ વ્યાપક પ્રતિસાદ આપીને મોટા પ્રમાણમાં ઓન લાઈન રજીસ્ટ્રેશન કરાવ્યું છે. મુખ્યમંત્રીએ રાજ્યના જે જિલ્લાઓમાં કોરોના સંક્રમણ વધુ છે તેવા ૧૦ જિલ્લામાં આવા રજીસ્ટ્રેશન થયેલા યુવાઓના રસીકરણને ૧ લી મેથી જ અગ્રતા આપી આરોગ્ય તંત્રને પ્રેરિત કર્યું હતું. રાજ્યમાં આજ રોજ હેલ્થ કેર વર્કર, ફ્રન્ટ લાઈન વર્કર અને ૪૫ વર્ષથી વધુ ઉંમર ધરાવતા વ્યક્તિઓને પણ પ્રથમ અને બીજો ડોઝ મળીને કુલ ૧,૬૧,૮૫૮ રસીના ડોઝ આપવામાં આવ્યા છે. સમગ્ર રાજ્યમાં આજે ૧લી મે ના રોજ કુલ ૨,૧૭,૦૯૩ રસીના ડોઝ આપવામાં આવ્યા છે.

(પાન નં.૧ નું ચાલુ)

### કોરોના ટાસ્ક ફોર્સે કહ્યું....

ભારતમાં શનિવારના ૪.૦૧ લાખથી વધારે કેસ સામે આવ્યા, જ્યારે ૩,૫૨૩ લોકોના મોત થયા. કોવિડ ટાસ્ક ફોર્સમાં એમ્સ અને આઈસીએમઆર જેવા પ્રમુખ સ્વાસ્થ્ય સંસ્થાઓના નિષ્ણાતો સામેલ છે.

કોરોનાના વધતા કેસને જોતા આ અધિકારીઓની અનેકવાર બેઠક થઈ ચુકી છે. આ બેઠકમાં જે પણ વાત રાખવામાં આવે છે તેની જાણકારી ટાસ્ક ફોર્સના અધ્યક્ષ વી.કે. પોલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સુધી પહોંચાડે છે. ઉલ્લેખનીય છે કે દેશમાં ઝડપથી વધી રહેલા કોરોનાના કેસોને જોતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ૨૦ એપ્રિલના રાષ્ટ્રના નામે સંબોધમાં સ્પષ્ટ કહ્યું હતુ કે, તમામ લોકોએ મળીને લોકડાઉનથી બચવાનો પ્રયત્ન કરવો જોઈએ. તેમણે કહ્યું હતુ કે લોકડાઉન ફક્ત અંતિમ ઉપાય તરીકે હોવું જોઈએ.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૦૨-૦૫-૨૦૨૧, સોમવાર, ચૈત્ર વદ-૭, સૂર્યોદય-૬-૦૭, સૂર્યાસ્ત-૭-૦૩, જૈન નવકારશી-૭-૧૬, આજની રાશિ : ધન (ધ,ભ,ફ,ઢ ), નક્ષત્ર: પૂર્વાષાઢા

| ગ્રહ | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | -શુભ ચોઘડીયા-<br>અભિજીત ૧૩-૩૯થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી<br><br>- શુભ હોરા-<br>૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી |

## દૈનિક રાશીફળ

**તા.૦૩.૦૫.૨૦૨૧ સોમવાર**

મેષ (અ,લ,ઈ) : તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય,આગળ વધવાની તક મળે.

વૃષભ (બ,વ,ઉ) : આવક જાવક નો હિસાબ રાખવો પડે,ખર્ચ પર અંકુશ રાખવો.

મિથુન (ક,છ,ઘ) : સગા સ્નેહી મિત્રોથી સારું રહે,પ્રગતિકારક દીવસ રહે.

કર્ક (ડ,હ) : નોકરિયાતવર્ગ ને સારું રહે,સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક.

સિંહ (મ,ટ) : ભાગ્યની દેવી રીઝતી જણાય,નવીન તક હાથ માં આવે.

કન્યા (પ,ઠ,ણ) : માનસિક વ્યગ્રતા જણાય,મન નું ધાર્યું ના થાય.

તુલા (ર,ત) : જાહેરજીવનમાં સારું રહે,યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકો.

વૃશ્ચિક (ન,ય) : તબિયતની કાળજી લેવી,જીવનમાં નિયમિતતાની જરૂર છે.

ધન (ધ,ભ,ફ,ઢ): પ્રણયમાર્ગે આગળ વધી શકો,પ્રિયપાત્ર થી મુલાકાત થાય.

મકર (ખ,જ) : તમામ ભૌતિક સુખ સગવડ પ્રાપ્ત થાય,દિવસ આનંદ માં વીતે.

કુંભ (ગ,સ,શ ) : નવા કાર્યમાં આગળ વધી શકો,મિત્રોની મદદ મળી રહે.

મીન (દ,ચ,ઝ,થ): તમે કરેલા કાર્યના સારા પરિણામ મેળવી શકો,દિવસ શુભ રહે.

દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદ જીલ્લામાં રવિવારે વધુ ૯૮ કેસ પોઝીટીવ

દાહોદ,

દાહોદ જિલ્લામાં આજે વધુ ૯૮ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા છે ત્યારે આજે વધુ ૧૧ જેટલા દર્દીઓ કોરોના થી મૃત્યુ પામતાં જિલ્લામાં કુલ મૃત્યુઆંક ૨૬૨ ને પાર કરી ગયો છે.

આર.ટી.પી.સી.આરના ૧૬૦૩ બેકી ૬૨ અને રેપીડ ટેસ્ટના ૭૮૫ પૈકી ૩૬ મળી આજે કુલ ૯૮ કોરોના પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ૯૮ પૈકી દાહોદ અર્બનમાંથી ૨૧, દાહોદ ગ્રામ્યમાંથી ૧૨, ઝાલોદ ગ્રામ્યમાંથી ૦૩, દેવગઢબારિયા અર્બનમાંથી ૦૧, દેવગઢ બારીયા ગ્રામ્યમાંથી ૦૨, લીમખેડામાંથી ૦૧, ગરબાડામાંથી ૧૭, ધાનપુરમાંથી ૦૧, ફતેપુરામાંથી ૨૫ અને સંજેલી માંથી ૫ કેસ સામે આવ્યો છે. દાહોદ જિલ્લામાં વધતા કોરોના સંક્રમણ ને પગલે મૃત્યુઆંકમાં પણ વધારો જોવા મળી રહ્યો છે આજે ૧૧ દર્દીઓએ કોરોનાથી પોતાનો જીવ ગુમાવ્યો છે બીજી તરફ આજે આવેલા ૮૯ પોઝિટિવ કેસોની સંખ્યાની સરખામણીમાં જ ૧૦૭ લોકોએ કોરોના સામે જંગ જીતતા આ ૧૦૭ લોકો સાજા થતા તેઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. દાહોદ જિલ્લામાં અત્યાર સુધી કોરોનાનો કુલ આંકડો ૫૩૨૮ ને પાર થઈ ચૂક્યો છે.



| દાહોદમાં કોરોનાના કેસની સંખ્યા |
|---|
| : અર્બન વિસ્તારો : |
| દાહોદ-૨૧ |
| દે.બારીઆ-૦૧ |
| : ગ્રામ્ય વિસ્તારોમાં : |
| દાહોદ-૧૨ |
| ઝાલોદ-૦૩ |
| દે.બારીયા-૦૨ |
| લીમખેડા-૦૧ |
| ગરબાડા-૧૭ |
| ધાનપુર-૦૧ |
| ફતેપુરા-૨૫ |
| સંજેલી-૦૫ |

### દાહોદ તાલુકાના રેટીયા ગામે આશ્ચર્ય ફેલાવનાર કિસ્સો આવ્યો સામે

# વેક્સિન લીધા વિના જ વેક્સિન મુકાઈની સર્ટીફીકેટ ઓનલાઇન મુકાતા યુવક આશ્ચર્યમાં

દાહોદ,

સમગ્ર દેશમાં આજે પહેલી મે થી ૧૮ વર્ષથી ઉપરના તમામ લોકોને કોરોના વેક્સિનની રસી આપવાનું અભિયાન શરૂ થયું છે. આ વેક્સિનની રસી મુકાવવા માટે ૧૮ વર્ષથી ઉપરના યુવાનોમાં ઉત્સાહ પણ જોવા મળી રહ્યો છે અને લોકો વેક્સિન મૂકાવવા માટે રજિસ્ટ્રેશન પણ કરી રહ્યા છે. ત્યારે દાહોદ જિલ્લામાં એક બનેલ બનાવને પગલે સૌને આશ્ચર્યમાં મૂકી દીધા છે. એક તરફ રસીનો જથ્થો પૂરતો ન હોવાને કારણે હાલ આ રસીકરણનો કેવી રીતે આરંભ થશે તે પણ એક ચિંતાનો વિષય છે. ઘણા રાજ્યોમાં રસીનો જથ્થો ન હોવાની પણ વ્યાપક બૂમો ઉઠવા પામી છે. ત્યારે આજ રોજથી પ્રારંભ થયેલ ૧૮ વર્ષથી ઉપરના લોકોના રસીકરણના અભિયાનમાં દાહોદ જિલ્લામાંથી પણ ઘણા લોકોએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. ત્યારે દાહોદ તાલુકામાં રહેતા ૨૨ વર્ષીય હર્ષ પ્રકાશકુમાર ચૌહાણ પણ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. ત્યારે પોતાના મોબાઈલ પર આજે પોતાને રસી મુકાઈ ગઈ હોવાનો સક્સેસફુલી મેસેજ આવતા તેઓ નજીકના રેટીયા મુકામના પીએચસી સેન્ટર ખાતે પહોંચી ગયા હતા અને આ બાબતની જાણ કરી હતી કે, પોતાને રસી ન મુકાયા છતાં પણ રસી મુકાઈ ગયા હોવાનો મેસેજ અને સર્ટીફિકેટ પણ ઓનલાઇન મુકાઈ જતા ઉપસ્થિત સૌ કોઈમાં આશ્ચર્ય ફેલાયું હતું. રેટીયા પી.એસ.સી સેન્ટર ખાતેથી જાણવા મળ્યા અનુસાર અત્યારે તો માત્ર ૫૦થી ઉપર ના લોકોને જ રસી મુકવામાં આવી રહી છે. ત્યારે આવા મેસેજ તો કેટલા લોકોને આવ્યા હશે તે એક તપાસનો વિષય છે. પરંતુ રસી મુક્યા વગર જ જો રસી મુકાઈ ગયા હોવાના મેસેજ ઘણા લોકોને આવ્યા હશે તે એક તપાસ માંગી લેતો વિષય છે. આ સમગ્ર ઘટના આજે તો ઓફ ધી ટાઉન રહેવા પામી હતી અને જેને લઈ અનેક ચર્ચાઓએ પણ જોર પકડ્યું છે.




# ઝાલોદના ૩૪ વર્ષીય કોરોના ગ્રસ્ત નવયુવકનો જીવ બચાવવાં દાહોદ પોલિસે વડોદરા સુધી ગ્રીન કોરીડોર પુરૂ પાડ્યું

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના હોસ્પિટલ મા જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઇ રહેલા ૩૪ વર્ષના કોરોના સંક્રમિત યુવાનની મદદે આવેલી દાહોદ પોલીસે માનવતા ભર્યુ અભિગમ અપનાવી પરિવારજનોની માંગણીને ધ્યાને લઈ દાહોદ-ઝાલોદ તેમજ લીમખેડા ડીવાયએસપીએ જિલ્લા પોલીસ વડાની માર્ગદર્શનમાં યુવકને યુવકને તાબડતોડ ગ્રીન કોરિડોર નું કવચ પૂરૂં પાડી વડોદરા ખાતે મોકલી આપી સરાહનીય કાર્ય કર્યું હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ઝાલોદ તાલુકાના ૩૪ વર્ષીય પરેશ ડાંગી નામક નવયુવાન કોરોના સંક્રમિત થતા તેને ઝાલોદ ખાતે દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં તેનું ઓક્સિજન લેવલ ૬૫ પર જતા તેની હાલત કફોડી બનતા જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાઈ રહ્યો હતો. ત્યારે ત્યાં ડોક્ટરો તેમજ પરિવારજનોએ આ યુવકનો જીવ બચાવવાં માટે તાબડતોડ વડોદરા લઈ જવાની ફરજ પડી હતી. પરંતુ વડોદરા સુધીના માર્ગમાં ટ્રાફિક તેમજ અન્ય મુશ્કેલીઓને ધ્યાને રાખી યુવકના પરિવારજનોએ ચાલો ડીવાયએસપી ભાવેશ જાદવ પાસે વડોદરા સુધી ગ્રીન કોરીડોરની મદદ માંગતા તેઓએ આ મામલે દાહોદ ડીવાયએસપી એચ.એલ. બેંકરનો સંપર્ક કરતા ડીવાયએસપી બેંકરે જિલ્લા પોલીસવડા હિતેશ જોયસર પાસે તાંત્રિક મંજૂરી માંગતા જિલ્લા પોલીસ વડાના માર્ગદર્શનમાં યુવકને વડોદરા સુધી પહોંચાડવા માટે ગ્રીન કોરિડોર ની મંજૂરી મળી હતી. ત્યારબાદ ચાલો ડીવાયએસપી ભાવેશ જાદવ, દાહોદ ડીવાયએસપી એચ. એલ. બેંકર, તેમજ લીમખેડા ડીવાયએસપી ડો. કાનન દેસાઈ વચ્ચે કોરડીનેશન કરી જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાતાં ૩૪ વર્ષના યુવાનને બચાવવા માટે ગ્રીન કોરિડોરનો કવચ પુરો પાડવામાં આવ્યો હતો. જેમાં ઝાલોદ પોલિસે લીમડી, લીમડી પોલિસે ગોધરા પંચમહાલ, પંચમહાલ પોલિસે હાલોલ, હાલોલ પોલિસે જરોદ, જરોદ પોલિસે વડોદરા ગ્રામ્ય તેમજ વડોદરા ગ્રામ્ય પોલીસે હોસ્પિટલ સુધી જ્યાં જરૂર જણાય ત્યાં એસ્કોર્ટ આપી ગણતરીની મિનિટોમાં કોરિડોરના કવચ વચ્ચે વડોદરા હોસ્પિટલ ખાતે પહોંચાડ્યો હતો. ત્યારે નવયુવાનને બચાવવા તેમજ માનવતા ભર્યો અભિગમ પૂરૂં પાડવા વ્હારે આવેલી દાહોદ પોલીસની સરાહનીય કામગીરી સૌ કોઈએ બિરદાવી હતી.

# સંજેલી બજારમાં દુકાનો ખુલી જતા મામલતદાર,PSI સહીતનો કાફલો દોડી આવતા દુકાનો ટપોટપ બંધ થઈ

સંજેલી,

સંજેલી બજારમાં બધી જ દુકાનો ખુલી જતા મામલતદાર ,પીએસ આઇ ,નો કાફલો દોડી આવતા દુકાનો ટપોટપ બંધ થઈ.

સંજેલીમાં શુક્રવારના રોજ હાટ બજાર ભરાતા આસપાસના ગ્રામ્ય વિસ્તાર તેમજ અન્ય તાલુકાના લોકો પણ સંજેલીમાં માલ સામાનની ખરીદી કરવા માટે ઉમટી પડ્યા હતા.જેમાં સંજેલી નગરમાં લોકોની ભીડ જોવા મળી હતી . જેને લઈને સંજેલી મામલતદાર કચેરીના નાયબ મામલતદાર સુજલ ચૌધરી તેમજ મામલતદાર કચેરીનો સ્ટાફ સાથે રહી અને સંજેલી પોલીસ મથકના પી.એસ.આઇ એસ એમ લાસન અને પોલીસ સ્ટાફ સંજેલી બજાર માં આવી પહોંચ્યા હતા તેમજ બજારના વિવિધ વિસ્તારોમાં દુકાનોમાં ભીડ એકઠી થઈ હોય જણાતા અધિકારીઓ દ્વારા ભીડ એકઠી ના કરવા માટે વેપારીઓ ને સૂચનો કરવામાં આવ્યા હતા તેમજ હાલમાં કોરોનાવાયરસ નો સંક્રમણ દિનપ્રતિદિન ફેલાતું હોય. સંજેલી તાલુકામાં પણ દિવસે ને દિવસે કોરોના કેસો માં વધારો થઈ રહ્યો છે. જેના નિયંત્રણ માટે વહીવટી તંત્ર દ્વારા પણ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે . ત્યારે જિલ્લા કલેકટર દ્વારા પણ જાહેરનામું બહાર પડાયું છે અને તેમાં પણ જણાવવામાં આવ્યંક છે કે, કોરોના ગાઈડ લાઈન નું ચુસ્તપણે વેપારીઓએ પાલન કરવાનું રહેશે. ત્યારે સંજેલી નગરમાં કરિયાણાની દુકાનો સિવાય પણ ચપ્પલની દુકાનો કંગન સ્ટોર વાસણની દુકાનો તેમજ કપડાંની દુકાનોમાં બિનજરૂરી રીતે દુકાનો ખોલી તેમજ ભીડ એકઠી કરી વેપારીઓ દ્વારા લાપરવાહી કરાવતી હોય તેવું જણાતા અધિકારીઓ દ્વારા દુકાનોમાંથી લોકોની ભીડ ને દૂર કરવા માટેની ફરજ પડી હતી તેમજ સંજેલી નગરમાં અધિકારીઓ દ્વારા રાઉન્ડ લગાવાતા બપોરના સમયે માર્કેટ ની દુકાનો ટપોટપ બંધ થઈ ગઈ હતી.



## દાહોદના વાકીયા ગામે લગ્નપ્રસંગમાં ધાડપાડુ ટોળકીએ નવવધુએ પહેરેલ ઘરેણા સહિત અન્ય લોકો પાસેથી બે લાખ રૂપિયાની લુંટ કરી ફરાર

દાહોદ,

દાહોદ તાલુકાના વાકીયા ગામના પટેલ ફળિયામાં રમેશભાઈ શકરીયાભાઈ મોહનીયાની છોકરી સંબુડીબેનના લગ્ન હોય બપોરના ૩ વાગ્યે ગમલા ગામેથી જાન આવી હતી. સાંજના પાંચ વાગ્યે વરરાજાને માંડવે લાવ્યા હતા ત્યારે ગામના સંગાડા ફળિયાના ખીમચંદ ભીમા સંગાડા, હિન્દુ ગનજી સંગાડા, સીલીયા ગનજી સંગાડા, રમેશ ભીમાં સંગાડા સહિત ૪૫થી વધુના ટોળાએ ધાડ પાડી નવવધુએ પહેરેલ સોના-ચાંદીના તથા સંબુડીબેને પહેરેલ ૨૫૦ ગ્રામના ચાંદીના ભોરીયા નં-૨ કિ.રૂ.૫,૦૦૦, ચાંદીની સાંકળી કિ.રૂ.૧૦,૦૦૦, તથા ચાંદીના તોડા નં-૨ કિ.રૂ.૧૦,૦૦૦, ચાંદીનો કંકોરો કિ.રૂ.૧૦,૦૦૦, ચાંદીનુ મંગળસુત્ર કિ.રૂ.૨,૦૦૦, તથા હાથ તથા પગમાં પહેરેલ ચાંદીની અંગુઠીઓ નં-૫ કિ.રૂ.૧,૦૦૦, તથા એક તોલાનો સોનાનો ઝુમર નં-૨ કિ.રૂ.૨૦,૦૦૦, તેમજ ઘરમાં લગ્નની વિધિ કરતા રાકેશભાઈ ચંદુભાઈ ભાભોરનો ચાંદીનો કંદોરો કિ.રૂ.૧૦,૦૦૦ ચાંદીના ભોરીયા નં-૨ કિ.રૂ.૧૦,૦૦૦માર મારી લુંટ કરી હતી. તેમજ સુમીબેન રાજુભાઈની ચાંદીની સાંકળી રૂ.૧૦,૦૦૦, ચાંદીની બંગડીઓ નં-૮ કિ.રૂ.૧૦,૦૦૦ તથા લીલાબેન રણસિંગભાઈએ પહેરેલ ચાંદીની સાંકળી કિ.રૂ.૧૦,૦૦૦ ચાંદીનો કંદોરો કિ.રૂ.૧૦,૦૦૦ ચાંદીના તોડા નં-૨ કિ.રૂ.૧૦,૦૦૦ની લુંટ કરી હતી. તેમજ આઠથી દસ લોકો ઘરની બહાર મંગીબેન પર હુમલો કરી ચાંદીના મટીયા નં-૨ કિ.રૂ.૧૨,૦૦૦, ચાંદીની સાંકળી કિ.રૂ.૧૦,૦૦૦કાઢી લીધા હતા. આઠથી દસ લોકોએ રમીલાબેન બાબુભાઈએ પહેરેલા ચાંદીના મટીયા નં-૨ કિ.રૂ.૧૦,૦૦૦ તથા બાબુભાઈ જીમાલભાઈએ પહેરેલ સોનાનો હાર કિ.રૂ.૪૦,૦૦૦નો કાઢી લીધો હતો અને પાછળના ભાગે પથ્થર મારી ઈજાઓ પહોંચાડી હતી. ૫૦ જેટલા ટોળાએ ધાડ પાડી ૨,૦૦,૦૦૦ના સોના-ચાંદીનાની લુંટ કરી નાસી ગયા હતા.

આ સંદર્ભે રમેશભાઈ શકરીયાભાઈ મોહનીયાએ ટોળા સામે કતવારા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પી.એસ.આઈ.જે.બી.ધનેશાએ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

## ભાજપ યુવા મોરચા દ્વારા યોજાયેલ બ્લડ ડોનેશન કેમ્પમાં બ્લડ ડોનેટ કરવાનું આહવાન કરતા નરેન્દ્રભાઈ સોની




દાહોદ,

કોરોનાની આ વૈશ્વિક મહામારીમાં સંપૂર્ણ દેશ સપડાયો છે. ત્યારે આવનારા સમયની અંદર ૧૮ વર્ષથી ઉપરના તમામને રસી આપવાની હોવાથી ઘણા બધા લોકો બ્લડ ડોનેશન નહીં કરી શકે, કારણકે વેક્સીન લીધા ૯૦ દિવસ સુધી બ્લડ ડોનેશન કરી શકાય નહીં તેવા સમયે આ બ્લડ ઘણા બધા લોકોને ઉપયોગી થાય તે હેતુથી આજ રોજ ભારતીય જનતા પાર્ટી, યુવા મોરચા દાહોદ શહેર દ્વારા બ્લડ ડોનેશનનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. જેમાં પંદર યુનિટ જેટલું બ્લડ એકત્ર કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે દાહોદ જિલ્લાના મહામંત્રી નરેન્દ્રભાઈ સોની વિશેષ ઉપસ્થિત રહ્યા હતા સાથે મનોજભાઈ વ્યાસ, રાજેશભાઈ સેહતાઈ, અલય દરજી, હિતેશભાઈ નાયક, સલાટ હિરેન, મયંક ચૌહાણ, ચિરાગ ભડગ વગેરે કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે જિલ્લા મહામંત્રી નરેન્દ્રભાઈ સોનીએ કોવિડની વેકસિન પહેલા યુવાનોને બ્લડ ડોનેટ કરવા માટે આગળ આવે તેવી અપીલ પણ કરી હતી.

## દાહોદમાં કોરોના મહામારીમાં ઝાયડસ હોસ્પિટલમાં સારવાર લેતા દર્દીઓના સગાઓ માટે "આપણું સેવા" કેન્દ્ર શરૂ કરાયું




તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

હાલની કોરોનાની મહામારીમાં આખા દેશ અને ગુજરાતમાં હાહાકાર મચી ગયો છે. ત્યારે દાહોદ જિલ્લો પણ તેમાંથી બાકાત નથી. દાહોદ જિલ્લાની ઝાયડસ હોસ્પિટલ માં જિલ્લાનું સૌથી મોટું કોવિડ સેન્ટર છે. દાહોદ જિલ્લાનાં અલગ-અલગ તાલુકા અને મધ્યપ્રદેશ રાજસ્થાન માંથી કોવીડનાં દર્દીઓ સારવાર માટે મોટી સંખ્યામાં આવતા હોય છે.

પરંતુ દર્દીઓની સાથે આવેલ તેઓના સ્નેહીજનો ભારે હાલાકીનો સામનો ૦ કરવો પડતો હોય છે. દાહોદમાં આમ આદમી પાર્ટી તથા દાહોદ શહેરનાં સેવાભાવી નાગરિકો દ્વારા ઝાયડસ હોસ્પિટલની સામે, ભગિની સમાજની પાછળનાં ભાગમાં "આપણું સેવા કેન્દ્ર" છેલ્લા ૧૫ દિવસ થી કાર્યરત છે. આ સેવાકેન્દ્ર માંથી દર્દીઓનાં સગા-સબંધીઓને સવારના ૮ થી રાતના ૯ વાગ્યા સુધી પીવાનું પાણી, સેનેટાઈઝર, માસ્ક, બિસ્કિટ તથા સવાર-સાંજ જમવાની સેવા અવિરત ચાલવામાં આવી રહી છે. જમવાની વ્યવસ્થા સંતકૃપા પરિવાર તથા શ્વેતામ્બર જૈન સંઘ દાહોદ તરફ થી પુરી પાડવામાં આવે છે.

## જો ફાર્માસિસ્ટ દવાની સંગ્રહખોરી, ઊંચી કિંમતે વેચાણ કરશે તો આજીવન લાઈસન્સ રદ કરાશે

અમદાવાદ,

કોરોનાના ગંભીર દર્દીઓની સારવારમાં વપરાતા રેમડેસિવિર ઈન્જેક્શનનો કૌભાંડ સામે આવી રહ્યા છે. સુરતથી લઈને મોરબી સુધીમાં લોકોના જીવ સાથે ચેડાં કરીને નકલી રેમડેસિવિર ઊંચી કિંમતે વેચવાના બનાવો સામે આવી રહ્યા છે. ત્યારે ફાર્મસી કાઉન્સિલે રજીસ્ટર્ડ ફાર્મસીસ્ટ તેમજ સામાન્ય જનતા માટે નોટિસ જાહેર કરી છે. જેમાં મજબૂર લોકો સામે ઈન્જેક્શનના નામે વધુ રૂપિયા પડાવનારા લેભાગુ તત્વો સામે કાર્યવાહી કરવામાં આવશે.

તાજેતરમાં જ સુરત, અમદાવાદ, આણંદ, વડોદરા તથા મોરબીમાં નકલી રેમડેસિવિર ઊંચી કિંમતે વેચવાના મામલા સામે આવ્યા છે. એવામાં ફાર્મસી કાઉન્સિલે રજીસ્ટર્ડ ફાર્મસીસ્ટ તેમજ સામાન્ય જનતા માટે નોટિસ જાહેર કરીને જણાવ્યું હતું કે, મજબૂર લોકો પાસે ઈન્જેક્શનના વધુ રૂપિયા પડાવનારાઓ સામે મોટી કાર્યવાહી થશે. ઈન્જેક્શનની કાળાબજારી, ડુપ્લીકેટ દવા, ઈન્જેક્શનનું વેચાણ, એમ.આર.પી કરતા વધારે કિંમતની વસુલાત, દવા અને ઈન્જેક્શનની સંગ્રહખોરી કરતા પકડાશે તો તે વ્યક્તિ સામે કડક પગલાં લેવાશે. સરકારી તેમજ કોમ્યુનિટી ફાર્મસીસ્ટ કાળા બજાર કરતા પકડાશે તો આજીવન માટે તેમનું લાઈસન્સ રદ થશે. ઉપરાંત ફાર્મસી એક્ટ ૧૯૪૮ અને Pharmacy Practice Regulation Act 2015 મૂજબ છ મહિના જેલની સજા પણ થશે.

ગુજરાત રાજ્ય ફાર્મસી કાઉન્સિલ પ્રતીક નોટિસ જારી કરવામાં આવી છે, જેમાં જો કોઈ ફાર્માસિસ્ટ રેમડિસીવીર ઈન્જેકશનની કાળાબજારીમાં સીધી અથવા તો આડકતરી રીતે શામેલ હોવાનું સામે આવશે તો તેને પોતાના ધંધાથી હાથ ધોઈ બેસવાનો વારો આવશે, એટલે કે તે ફાર્મસીસ્ટનું લાઈસન્સ આજીવન માટે રદ કરવામાં આવશે. રેમડેસિવિર ઈન્જેક્શનની માંગ મોટા પ્રમાણમાં વધી છે, જે દર્દીનું ઓક્સિજન લેવલ નીચું હોય તેવા દર્દીઓ માટે આ દવા ખૂબ ઉપયોગી સાબિત થઈ છે, આ પરિસ્થિતિનો ગેરલાભ લઇ કેટલાક લોકો ઈન્જેક્શનનો સ્ટોક કરી બ્લેકમાં કિંમતથી અનેક ગણા ભાવ વસુલી રહ્યા છે. દર્દીના પરિજનો પણ નિસહાય બની પોતાના પરિજનોના જીવની ચિંતા કરી ઈન્જેક્શન ખરીદવા સિવાય કોઈ વિકલ્પ નથી. જેને લઈ કાઉન્સિલે મોટો નિર્ણય લીધો છે. કોઈપણ વ્યક્તિ પાસે કોઈપણ મેડિકલ સંચાલક અથવા ફાર્મસીસ્ટ દ્વારા વધુ પૈસા લેવામાં આવ્યા હોય તો ફરિયાદ કરવા માટે અપીલ કરવામાં આવી છે. કોઈપણ પણ વ્યક્તિ ગુજરાત ફાર્મસી કાઉન્સિલમાં ફરિયાદ આ માટે ફરિયાદ કરી શકે છે.

## સંજેલીના પીછોડા ગામે અનિયમિત વીજ પુરવઠાને લઈ ખેડુતોના ઉનાળુ પાકને નુકસાનનો ભય

દાહોદ,

સંજેલી તાલુકાના પીછોડા ગામે ખેતીવાડી વીજ પુરવઠો સમયસર અને પુરતો ન મળતા ખેડુતોને ઉનાળુ ખેતી પાકમાં મુશ્કેલીઓનો સામનો કરવાનો વારો આવ્યો છે.

સરકાર દ્વારા ખેડુતો માટે સુર્યોદય યોજના થકી દિવસે વીજળી આપવાનુ કામ શરૂ કર્યુ છે. સંજેલી તાલુકાના પીછોડા ગામે છેલ્લા ચાર-પાંચ દિવસથી ખેતીવાડી વીજ પુરવઠો ખોરવાતા દિવસે મળતી આઠ કલાક વીજ પુરવઠામાંથી સંતાકુકડી રમતા વીજ પુરવઠો આવન જાવન સામે માત્ર દોઢ કે બે કલાક મળે છે. જેના કારણે મોટર કનેકશનોને પણ બળી જવાની સંભાવના સેવાઈ રહી છે. હેલ્પરોના કોન્ટેકટ કરવામાં આવે છે તો તેમના દ્વારા જણાવવામાં આવે છે કે, સમારકામ ચાલી રહ્યુ છે જેથી સમયસર પાણી ન મળતા પાકો કરમાવા લાગ્યા છે. જેથી વીજપુરવઠો સમયસર મળી રહે તેવી ખેડુતો દ્વારા માંગ ઉઠવા પામી છે.

# દાહોદ ઝાયડસ હોસ્પિટલમાં કોરોના વોરિયર્સે કર્યા રાસ-ગરબા

દાહોદ,

શહેર સહિત જિલ્લામાં હાલ કોરોનાના કેસો કૂદકે અને ભૂસકે વધી રહ્યા છે, જિલ્લાવાસીઓ માટે જીવાદોરી સમાન એવી ઝાયડસ હોસ્પિટલમાં પણ કોરોનાના દર્દીઓનો રાફડો ફાટયો છે. ઝાયડસના તમામ બેડો હાઉસફૂલ થયા છે. આવા સમયે કોરોના વોરિયર્સ ગણાતા તબીબો, નર્સ તેમજ સ્ટાફ મિત્રોની કામગીરીમાં તેમજ જવાબદારીમાં અનેક ગણો વધારો પણ થઈ ગયો છે.

દાહોદની ઝાયડસ હોસ્પિટલના તમામ સ્ટાફ મિત્રો નિરંતર અને નિસ્વાર્થ ભાવે પોતાની સેવા બજાવી રહ્યા છે, ત્યારે ગઈકાલે શનિવારે ઝાયડસ હોસ્પિટલના કોરોના વોર્ડમાં સ્ટાફ મિત્રો દ્વારા રાસ-ગરબા સહિતની રમઝટ બોલાવી હતી અને કોરોનાના દર્દીઓને મનોરંજન પૂરું પાડ્યું હતું. આ સાથે પોતાના કામકાજના ભારણના થાકને પણ ઓછું કરવાના પ્રયાસો કરાયા હતા.



Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 212

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# મોરવા (હ) વિધાનસભાની પેટા ચૂંટણીમાં BJP ઉમેદવાર નિમિષાબેન સુથારનો ભવ્ય વિજય




મોરવા(હ), પંચમહાલ જીલ્લાના મોરવા(હ) વિધાનસભા બેઠકની પેટા ચુંટણી માટે આજે વહેલી સવારે મત ગણતરી શરૂ કરવામાં આવી હતી. બપોર સુધીમાં બીજેપી ઉમેદવારની લીડ વધતાં કોંગ્રેસના ઉમેદવાર ૧૦માં રાઉન્ડ બાદ કાઉન્ટીન બુથ ઉપર થી ચાલ્યા હતા. બીજેપી ઉમેદવાર નિમિષાબેન સુથારનો ૪૫૪૩૨ મતો થી વિજય થયો હતો.

કોરોન મહામારી વચ્ચે પંચમહાલ જીલ્લાની મોરવા(હ) વિધાનસભા બેઠકના ધારાસભ્યનું અવસાન થતાં ખાલી પડેલ બેઠક માટે પેટા ચુંટણી યોજાઈ હતી અને ૨ મેના રોજ મત ગણતરી મોરવા વિનિયન કોલેજ ખાતે યોજવામાં આવી હતી. કોરોના ગાઈડ લાઈન વચ્ચે વહેલી સવારે મતગણતરી હાથ ધરવામાં આવી હતી. પહેલા રાઉન્ડ થી બીજેપી ઉમેદવાર નિમિષાબેન સુથારને લીડ મળવાની શરૂઆત થઈ હતી. સામે કોંગ્રેસ ઉમેદવારની સ્થિતી શરૂઆત થી ડુબવા લાગી હતી. જેને લઈ ૧૦માં રાઉન્ડની મતગણતરીના દરમ્યાન કોંગ્રેસ ઉમેદવાર કાઉન્ટીંગ સ્થળ ઉપર ચાલ્યા હતા. મીડીયા સમક્ષ હારનું કારણ કોરોના મહામારીમાં ઓછું મતદાન થવાનું બહાનું આગળ ધર્યું હતું. મોરવા(હ) પેટા ચુંટણીની મત ગણતરી પુરી થતાં ભાજપના ઉમેદવાર નિમિષાબેન સુથાર ૪૫૪૩૨ મતોની લીડ સાથે વિજય બન્યા હતા. મોરવા(હ) બેઠક ઉપર કોંગ્રેસના ઉમેદવાર સુરેશ કટારાને ૨૧,૬૬૯ મતો મળ્યા હતા અને કોંગ્રેસ ઉમેદવારે હાર સ્વિકારી હતી અને બીજેપી ઉમેદવાર નિમિષાબેન સુથારને અભિનંદન આપ્યા હતા.

મોરવા(હ) વિધાનસભા પેટા ચુંટણીની મતગણના આજરોજ હાથ ધરાઈ હતી. બીજેપી ઉમેદવાર નિમિષાબેન સુથાર કોરોના સંક્રમિત હોવાને લઈ કાઉન્ટીંગ સ્થળે હાજર રહ્યા ન હતા. બીજેપી ઉમેદવાર નિમિષાબેન સુથાર ૪૫૪૩૨ મતોની લીડ મેળવી.

કોંગ્રેસ ઉમેદવાર સુરેશભાઈ કટારા મોરવા(હ) વિધાન સભા બેઠક માટે ૨૧૬૬૭ મત મેળવ્યા હતા. અને પોતાની હાર સ્વિકારી હતી. સાથે કોરોનાકાળમાં મતદાન ઓછું થવાથી હાર થવાનું બહાનું આગળ કરીને હારનું ઠીકરું કોરોના મહામારી ઉપર ફોડયું.

# પંચમહાલ જીલ્લામાં કોરોનાનું સંક્રમણ ઘટ્યું : રવિવારે માત્ર ૩૬ કેસ




- જીલ્લામાં લોકડાઉન અને ધંધા રોજગાર બંધ રહેતા સંક્રમણ ઘટી રહ્યું છે.
- લોકો કોરોના ગાઈડ લાઈન અને કામ વગર બહાર નિકળવાનું ટાળે તો સંક્રમણથી બચશે.

ગોધરા, પંચમહાલ જીલ્લા કોરોના મહામારીની બીજી લહેરમાં ઝડપ થી સંક્રમણ ફેલાતા પ્રતિદિન કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યા વધી રહી હતી. જેમાં જીલ્લા વહીવટી તંત્ર દ્વારા ગોધરા શહેર સહિત અન્ય નાના મોટા તાલુકા મથકો અન કસ્બાઓમાં વેપારીઓ સાથે મીટીંગ યોજીને કોરોના સંક્રમણને અટકાવવા માટે આંશિક લોકડાઉન વીક એન્ડ કરફ્યુ જેવા નિર્ણય લઈને આવશ્યક ચીજ વસ્તુ સિવાયનું માર્કેટ બંધ રાખવા માટે સહકાર મળ્યો છે. જેના પરિણામે પંચમહાલ જીલ્લામાં ૨ માર્ચના રોજ કોરોના સંક્રમણના કેસમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. જીલ્લામાં ૩૬ કોરોના પોઝીટીવ દર્દી નવા નોંધાવા પામ્યા છે. જેની સામે કોવિડ હોસ્પિટલમાં કોરોનાની સારવાર લેતાં ૬૭ દર્દીઓ કોરોનાન માતા આપી સાજા થતાં રજા અપાઈ છે. પંચમહાલ જીલ્લામાં આંશિક લોકડાઉન મે મહિનાની ૨ જી તારીખે આંક ઘટવા પામ્યો છે. ત ઘટતો રહે અને જીલ્લાવાસીઓ કોરોના મહામારીથી બચે તેવી આશા રાખી શકાય.

પંચમહાલ જીલ્લામાં માર્ચ મહિના થી કોરોના મહામારીની બીજી લહેર ઘાતક બનીને લોકોને કોરોના સંક્રમણના ભરડા લઈ રહી હતી. પ્રતિદિન જીલ્લામાં કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યા વધી રહી હતી. સાથે કોરોનાની બીજી લહેરની ઘાતક અસરને લઈ કેટલાય કોરોના સંક્રમિત થયેલ દર્દીઓએ જીવ ગુમાવ્યા છે. જીલ્લામાં કોરોના સંક્રમણનું જોર વધતાની સાથે કોરોના સંક્રમણની ચેઈન તોડવાના આશય સાથે જીલ્લા વહીવટી તંત્ર દ્વારા ગોધરા શહેરના વેપારીઓ સાથે મીટીંગ યોજીને વીક એન્ડ લોકડાઉનનો નિર્ણય લેવામાં આવ્યો સાથે ત્રણ દિવસ ધંધા રોજગાર બંધ રહ્યા હતા. સાથે વીક એન્ડ બાદ વેપારી મંડળો દ્વારા બપોરના બે વાગ્યા પછી સ્વૈચ્છિક લોકડાઉન કરીને સંક્રમણની ચેઈન તોડવા માટે તંત્રના પ્રયાસને સહકાર આપ્યો હતો. રાજ્યના મુખ્યમંત્રી દ્વારા ૫ મે સુધી આવશ્યક ચીજ વસ્તુઓ સિવાય ધંધા રોજગાર બંધ રાખવાના નિર્ણય લેવામાં હતો. સપ્તાહ થી આવશ્યક ચીજવસ્તુઓ સિવાય ધંધા રોજગાર બંધ રાખવામાં આવ્યા હતા. જેને પરિણામે પંચમહાલ જીલ્લામાં મે મહિનાના શરૂઆત સાથે ૨ મેના રોજ કોરોના સંક્રમણના કેસમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. પંચમહાલ જીલ્લામાં આજરોજ ૩૬ કોરોના પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. જેની સાથે કોવિડ હોસ્પિટલમાં સારવાર લેતાં ૬૭ દર્દીઓ હાલ જીલ્લામાં સક્રિય દર્દીની સંખ્યા ૮૯૮ થવા પામી છે. આજરોજ જે રીતે કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યા છે. તે જોતાં લાગી રહ્યું છે કે, જીલ્લામાં ધંધા રોજગાર બંધ રહેવાથી સંક્રમણના કેસમાં ઘટાડો જોવા મળ્યો છે. તે આવનાર સમય ચાલુ રહે અને લોકોને કોરોના મહામારીના સકંજા માંથી બચાવી શકાય છે. જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગ દ્વારા જીલ્લામાં કોરોના સંક્રમણને અટકાવવા માટે પ્રયાસો કરાઈ રહ્યા છે. તે જાળવી રાખશો તો જીલ્લામાં કોરોના સંક્રમણના દર્દીઓ ઘટશે અને કોરોનાને હરાવી શકાશે. લોકો કોરોના સંક્રમણ થી બચવા માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સનું પાલન કરે તે જરૂરી છે.

**રવિવાર : પંચમહાલમાં કોરોનાના કેસની સંખ્યા**

| |
|---|
| : શહેરી વિસ્તાર : |
| ગોધરા-૧૪ |
| હાલોલ - ૦૫ |
| કાલોલ - ૦૧ |
| : ગ્રામ્ય વિસ્તાર : |
| ગોધરા - ૦૩ |
| હાલોલ - ૦૨ |
| કાલોલ - ૦૭ |
| મોરવા(હ) - ૦૧ |
| શહેરા - ૦૩ |
| સક્રિય કેસ - ૮૯૮ |
| રજા અપાઈ - ૬૭ |
| મૃત્યુઆંક - ૦૦ |

# હાલોલ બ્રાહ્મણ પંચની વાડી ખાતે રાહત દરનું ૨૦ ઓકસીજન બેડનું કેર સેન્ટર શરૂ કરાયું


તસ્વીર : નરેન્દ્ર પરમાર, હાલોલ

હાલોલ, હાલોલ નગરમાં કોરોના સંક્રમણના વધતા જતાં કેસને લઈને નગરના સ્વયં સેવકો દ્વારા શ્રી શરણેશ્વર મહાદેવ બ્રાહ્મણ પંચની વાડી ખાતે કોવિડ-૧૯ કેર સેન્ટર ચાલુ કરવામાં આવ્યું. આ કોવિડ કેર સેન્ટરમાં ઓકસીજન સાથેની ૨૦ બેડની સુવિધા ઉભી કરવામાં આવી છે.

ગુજરાત સ્થાપના દિન નિમિતે પંચમહાલ જીલ્લા કલેકટર, રાજ્યમંત્રી જયદ્રથસિંહ પરમાર, હાલોલ પાલિકા પ્રમુખ, બ્રાહ્મણ સમાજ અને ઝારોડા સમાજ અને યુવા મંડળ માનવ સેવા માટે ડાંકટર પાર્થ દવે પ્રેરણા શ્રોત રહયા આગેવાનો દ્વારા કોવિડ-૧૯ના કેસમાં રાહતદરનું સરકારી ગાઈડ લાઈન મુજબ ૨૦ બેડનું ઓકસીજન બેડ ધરવાનું કેર સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે. સાથે ભોજનની સુવિધા કરવામાં આવનાર છે. હાલોલ ખાતે રાહતદરે શરૂ થયેલ કોવિડ કેર સેન્ટરને લઈ કોરોના દર્દીઓને રાહત થશે.

# હાલોલ GIDCનો મારૂતિ ગેસ પંપના ઓક્સિજન પ્લાન્ટમાં ફોલ્ટ સર્જાતા ગણતરીના કલાકોમાં પુનઃ શરૂ કરાયો

હાલોલ, હાલોલ જીઆઈડીસી વિસ્તારમાં આવેલ મારૂતિ ગેસ પ્રાઈવેટ લિમીટેડ કંપનીમાં ઉત્પાદન થતાં ઓક્સિજનનો પ્લાન્ટ ટેકનીકલ ફોલ્ટને કારણે ખોટકાયો હતો. જો કે કંપની સંચાલકોએ યુદ્ધના ધોરણે પ્લાન્ટની મરામત ગણતરીના કલાકોમાં રિપેર કરી રાબેતા મુજબ પ્લાન્ટ શરૂ થતા તેવી નિષ્ણાંતોની ટીમ કામ કરી જલ્દી પ્લાન્ટ શરૂ થાય તેવી કવાયત હાથ ધરી હતી.

ઓક્સિજન ઉત્પાદનનુ કામ ગણતરીના કલાકોમાં રાબેતા મુજબ ચાલુ કરાયુ હતુ. હાલમાં કોરોના વાયરસની મહામારીમાં કોરોના પોઝીટીવ દર્દીઓની ઓક્સિજનની તાતી જરૂર હોવાને લઈ સમગ્ર દેશ સહિત રાજયમાં ઓક્સિજન બોટલની જરૂરિયાતો ઉભી થતા કોરોના દર્દીના પરિવારજનો તેમજ હોસ્પિટલોમાં કોરોનાના દર્દીને આપવા માટે ઓક્સિજનના બોટલોની મહામારી ચાલી રહી છે.

જયારે બીજી તરફ હાલોલ જીઆઈડીસી ખાતે આવેલ મારૂતિ કંપનીમાં ઓક્સિજનનુ ઉત્પાદન પ્રક્ચ્યા સમયે સવારના ૫.૩૦ કલાકે પ્લાન્ટમાં ટેકનીકલ ફોલ્ડરને કારણે ઓક્સિજનનુ ઉત્પાદન કરવાનુ કામ ખોટકાય પડ્યુ હતુ. ઓક્સિજન ઉત્પાદન કરતો હાલોલનો પ્લાન્ટ ખોટકાયો હોવાની વાત વાયુવેગે ફેલાતા ઓક્સિજનની જરૂરિયાતવાળા દર્દીઓ તેમજ તેઓના સગાવ્હાલાઓ ચિંતામાં મુકાઈ ગયા હતા. વધુ કંપનીના સંચાલકોએ ઉત્પાદન પ્લાન્ટમાં થયેલી ખામીને દુર કરવા નિષ્ણાંત કારીગરોની મદદથી પ્લાન્ટને ફરીથી રાબેતા મુજબ ચાલુ કરવા માટે યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરી હતી. આ પ્લાન્ટમાં દિવસ દરમિયાન ૫૦૦ ઉપરાંત ઓક્સિજન બોટલ રિફીલીંગ કરી પંચમહાલ જિલ્લા સહિત અન્ય જિલ્લાઓમાં મોકલે છે. મોડી સાંજ સુધી પ્લાન્ટ ચાલુ કરવા માટેની કામગીરી યુદ્ધના ધોરણે કરવામાં આવી રહી હતી. ઓક્સિજન ઉત્પાદનનુ કામ ગણતરીના કલાકોમાં રાબેતા મુજબ ચાલુ થશે તેમ જણાવ્યુ હતુ.

# ગોવિંદગુરૂ યુનિવર્સિટીની વિદ્યાશાખાઓની પરીક્ષાઓ રદ કરવાનો નિર્ણય




ગોધરા, ગોધરામાં આવેલા ગોવિંદગુરૂ યુનિવર્સિટી દ્વારા મે મહિનામાં લેનારી વિવિધ વિદ્યાશાખાઓની પરીક્ષા રદ કરવાનો નિર્ણય લીધો છે. કોલેજોમાં મે મહિનામાં લેવાનાર પરીક્ષા રદ કરીને જૂનમાં કોરોનાનો કહેર ઓછો હશે તો લેવામાં આવનાર છે. આચાર્યો અને યુનિ. સત્તાધીશો સાથેની એક ઓનલાઈન મિંટીગમાં નિર્ણય લેવામાં આવેલ હતો. ઉનાળુ વેકેશન ૩/૫/૨૦૨૧ થી ૫/૬/૨૦૨૧ સુધી વેકેશન રહેશે. પંચમહાલ જીલ્લાના ગોધરા ખાતે ગોવિંદગૂરૂ યુર્નિવસિટી આવેલી છે. જેમાં પાંચ જીલ્લાનો સમાવેશ છે.એક બાજુ કોરોના મહામારી ચાલી રહી છે. તેની સીધી અસર શિક્ષણ પર પડી રહી છે. ગોધરાની ગોવિંદગૂરૂ યુનિર્વસીટીના વિવિધ વિદ્યાશાખાની પરીક્ષા મે મહિનામાં શરૂ થવાની હતી. હાલની કોરોનાની વકરતી પરિસ્થીતીને લઈને યુનિવર્સીટી સંલગ્ન વિવિધ કોલેજના આચાર્યો અને સત્તાધીશોની એક ઓનલાઈન મિંટીગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મે મહિના લેવાનારી વિવિધ વિદ્યાશાખાની પરીક્ષા નહી લેવાનો નિર્ણય કર્યો હતો. આગામી જુન મહિનામા કોરોનાની મહામારીની પરિસ્થીતીનું નિરિક્ષણ કરીને તેમજ શિક્ષણવિભાગ અને રાજ્ય સરકાર દ્વારા જે સુચનાઓ આપવામાં આવશે ત્યાર બાદ લેવામાં આવનાર છે. પરીક્ષાનો કાર્યક્રમ ૧૫ દિવસ પહેલા જાહેર કરવામા આવશે તેમજ યુનિર્વસીટી તરફથી ૧૮ વર્ષથી વધુ ઉમર ધરાવનારાઓને કુલપતિ અને કુલ સચિવ દ્વારા વેકસીન લેવા અપીલ કરવામાં આવી છે. વધુમાં યુનિર્વસીટી દ્વારા ઊનાળું વેકેશનની પણ જાહેરાત કરવામાં આવી દીધી છે. ગોવિંદગુરૂ પૂર્નિવસીટીની સંલગ્ન વિદ્યાશાખાઓની તમામ કોલેજો તેમજ ભવનોમા ૩/૫/૨૦૨૧ થી ૫/૬/૨૦૨૧ સુધી વેકેશન રહેનાર છે.



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા સિવિલ હોસ્પીટલ સામે સરદાર નગર ખંડની બાજુમાં જન સેવા પરિષદના નરેન પરમારની ટીમ દ્વારા કોરોનાં ટેસ્ટ સેન્ટરની બહાર લીંબુ સરબતનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું. હોસ્પિટલ સ્ટાફ, દર્દીઓને, એમ્બ્યુલન્સ, સગાસંબંધીઓને તમામ લોકોને લીંબુ સરબતની સેવા આપવામાં આવી.

# જાંબુઘોડા પીપચા ગામે ૪૦ વર્ષીય વ્યકિતની હત્યાના ગુનામાં ફરાર આરોપીને પોલીસે ઝડપ્યો

જાંબુઘોડા, જાંબુઘોડા તાલુકાના પીપચા (નવી નગરી) ગામે ૪૦ વર્ષીય વ્યકિતને કુહાડીના ઘા મારી હત્યા કરી આરોપી ફરાર થઈ ગયેલ હતો. પોલીસે આરોપીને ઝડપી પાડવા માટે તજવીજ હાથ ધરેલ હતી. બાતમીના આધારે પાવાગઢના જંગલ વિસ્તાર માંથી ઝડપી પાડવામાં આવ્યો.

વિસ્તૃત વિગતો પ્રમાણે જાંબુઘોડા તાલુકા પીપચા (નવી નગરી) ગામે રહેતા છગનભાઈ વેચાતભાઈ નાયક ઉ.વ.૪૦ને ૩૦ એપ્રિલના રોજ આરોપી બલસીંગભાઈ સોમાભાઈ નાયકે કોઈ કારણોસર માથાના ભાગે તથા ડોકના ભાગે કુહાડીની મુદરના ઘા મારી હત્યા કરીને ફરાર થઈ ગયેલ હતાં. આ બાબતે જાંબુઘોડા પોલીસ મથકે હત્યાનો ગુનો નોંધી આરોપીને ઝડપી પાડવા જાંબુઘોડા પોલીસની અલગ અલગ ટીમો બનાવી આરોપીને ઝડપી પાડવાની તજવીજ હાથ ધરી હતી. દરમ્યાન પોલીસને બાતમી મળી હતી કે, હત્યાનો આરોપી પાવાગઢ જંગલ વિસ્તારમાં જતો રહેલ છે. તેવી બાતમીના આધારે પાવાગઢ જંગલ વિસ્તારમાં ચેકીંગ કરી આરોપી બલસીંગ સોમાભાઈ નાયકને ઝડપી પાડવામાં આવ્યો.


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજ્ય તથા માન.નિયામક, આયુષની કચેરી ગાંધીનગરની સુચના અનુસાર તેમજ માન.જિલ્લા આયુર્વેદ અધિકારીની કચેરી જિ.પંચમહાલના માર્ગદર્શન હેઠળ તા.૦૨/૦૫/૨૦૨૧, રવિવારના સુમંગલમ ફાઉન્ડેશન, પરોલી અને જાગૃત નાગરિક પુષ્પેન્દ્રસિંહ સોલંકીના સહકારથી પરોલી તા.ઘોઘંબા ખાતે અમૃતપેય ઉકાળા અને સંશમની વટીના વિતરણનું આયોજન કરવામાં આવ્યું.

# શહેરા નગરમાં દુકાનદારો કોરોના ગાઈડ લાઈનનું પાલન કરવાનું ચુકયા


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા, શહેરામાં કોરોનાના કહેરમાં કોરોનાનું સંક્રમણ ઘટે તે માટે સ્થાનિક તંત્ર સાથે આરોગ્ય વિભાગ પણ કમરકસી રહ્યુ છે. તાલુકાના મુખ્ય બજારો બપોરના બે વાગ્યા સુધી ખુલ્લા રહેતા હોવાથી ગ્રામીણ વિસ્તારમાંથી અનેક લોકો ખરીદી કરવા માટે આવતા હોવાથી ભીડ ભાડના દ્રશ્યો નજરે પડતા હોય છે. જ્યારે અમુક દુકાનદારો ગ્રાહકોને માસ્ક પહેરવા માટે પણ નહી કહેતા હોવાથી કોરાનાને આમંત્રણ આપી રહ્યા હોય તેમ લાગી રહ્યુ છે. માસ્ક સહિત કોરોના ના ગાઈડ લાઈનનું અવશ્ય પાલન કરવા માટે તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી હોવા છતાં દુકાનદારો ને આ બાબતે કઈ જ પડી નથી.

# કાલોલના ૨૮ વર્ષિય ગુમ થયેલ સ્ટેમ્પ વેન્ડરનો મૃતદેહ નર્મદા કેનાલમાંથી મળી આવ્યો

કાલોલ, કાલોલના કોર્ટ પાસે આવેલ શિવમ પાર્ક સોસાયટી પાસે રહેતા અને મામલતદાર કચેરીના પટાંગણમાં બેસીને સ્ટેમ્પ વેન્ડર તરીકે કામગીરી કરનાર ૨૮ વર્ષિય વસીમભાઈ નિસારભાઈ અદા મામલતદાર કચેરીમાં જાઉ છુ તેમ કહીની ઘરેથી નીકળ્યા હતા. સાંજ સુધી ઘરે નહિ આવતા તેમની શોધખોળ કરાઈ હતી. દરમિયાન ત્રીજા દિવસે કાલોલ તાલુકાના સવા ગામ નજીકની નર્મદા કેનાલમાં એક યુવકનો મૃતદેહ દેખાતા બહાર કાઢી ખાતરી કરતા કાલોલના ગુમ સ્ટેમ્પ વેન્ડર વસીમભાઈ અદાનો મૃતદેહ હોવાની ખાતરી થતાં મૃતદેહને કાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે મોકલી સગા સંબંધિને જાણ કરી હતી. આથી તેઓ કાલોલ પોલીસ સ્ટેશને દોડી આવ્યા હતા. સ્ટેમ્પ વેન્ડરની માતા જુબેદાબેનની જાહેરાત મુજબ કાલોલ પોલીસે અગમ્ય કારણોસર પાણીમાં ડુબી જવાથી મોત નીપજયાંની નોંધ કરી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ઘોઘંબાના બોર ગામે ટ્રેકટરની અડફેટે બાઈક સવારનું મોત

ગોધરા, ઘોઘંબા તાલુકના બોર ગામે તળાવ પાસે જતા ગામના જ પ્રદિપસિંહ કિરણસિંહ ચૌહાણ પોતાની મોટરસાયકલ પર આવી રહ્યા હતા તે સમયે સામેથી બોર ગામના ટ્રેક્ટર ચાલક જયદિપ પરમાર પોતાના કબ્જાનુ ટ્રેક્ટર બેફિકરાઈ અને ગફલતભરી રીતે હંકારી લાવી મોટરસાયકલ સવાર યુવાન પ્રદિપને અડફેટે લેતા યુવાન ટ્રેક્ટર નીચે આવી જતા ટ્રેક્ટરનુ મોટુ વ્હિલ યુવાન પર ફરી વળ્યુ હતુ. જેના પરિણામે યુવાનનુ ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતુ. ત્યારે ટ્રેક્ટર ચાલક અકસ્માત સર્જી ટ્રેક્ટર અને ટ્રોલીને પલ્ટી ખવડાવી નાસી છુટ્યો હતો. જેથી પોલીસે ફરિયાદના આધારે વધુ કાર્યવાહી હાથ ધરી હતી.